Chapter-2

## પ્રકરણ - ૨

## પ્રારંભિક ગાળાનાં સામયિકો : પત્રકારી સુધારક આવેશથી સાક્ષરી સાંસ્કૃતિક સંવિવાદ સુધી

મનનીય અને હ્રદયસ્પર્શી લેખો આવતા હોય તો કોઈપણ પત્રનો ફેલાવો વધે તેમાં શંકા નથી. એવો પણ સમય હતો કે 'નવજીવન'ની ગ્રાહકસંખ્યા દસ હજાર સુધી પહોંચી ગઈ હતી. અને 'ગુજરાતી'એ પણ તેવી જ લોકપ્રિયતા સંપાદન કરી હતી. હાલમાં હળવું સાહિત્ય પીરસી અને પ્રત્યેક અંકમાં ખાસ ચિત્રો આપી, 'બે ઘડી મોજ' અને અઠવાડીક 'પ્રજામિત્રે' પોતાનો નવો જ વાચકવર્ગ ઉભો કર્યો છે. અને એમના ફેલાવાની સંખ્યા સહેજે બે હજાર સુધી પહોંચી ગઈ છે. આ ઉપરથી એટલું તો ચોકકસ થાય છે કે વિવિધ વિષયોને આકર્ષક રીતે રજૂ કરી જુદી ઢબથી જનતા સામે મૂકવામાં આવે તો કોઈપણ પત્ર ટૂંક સમયમાં ઘણું આગળ નીકળી જાય.

'પ્રસાદ, 'સાહિત્ય', અંક-૪, ૧૯૨૮

ગુજરાતી પત્રકારત્વની મહત્વની સિધ્ધિ એ છે કે ગુજરાતી વૃત વિવેચન કોઈ ઉદ્યોગપતિનું ગુલામ બન્યું નથી. રાજકીય પક્ષોની કંઠી એમણે બાંધી નથી. પ્રજાસેવાનો આદર્શ ધરીને દેશભકિતની લાગણીને એમણે યોગ્ય રીતે ઉત્તેજી છે. સામાજિક સુધારાને ક્ષેત્રે પત્રકારત્વે મહત્વનું યોગદાન આપ્યું છે. દાદાભાઈ, કરસનદાસ, કેખુશરૂ કાબરાજી, નર્મદે માત્ર આ અંગે નાણાંનો જ ભોગ નથી આપ્યો બલકે સમાજનાં વિશાળવર્ગનાં તિરસ્કાર, બહિષ્કારનો પણ સામનો કરેલો.

રતન રુસ્તમ માર્શલ (પરિષદ, ૨૪મું અધિવેશન, 'સંભારણું' પૃ. ૮૧ થી ૮૮ ની પ્રશ્નોતરીમાંથી)

૦ ભૂમિકા :

સ્વતંત્ર રીતે પ્રકાશિત થતા સર્જનાત્મક તથા વિવેચનાત્મક સાહિત્યગ્રંથો ધ્વારા કોઈપણ ભાષાના સાહિત્યનો વિકાસ, વિસ્તાર અને તેના બદલાતા રહેતા પ્રવાહોને પામી શકાતા હોય છે એ રીતે અખબારથી માંડીને સમયના જુદાજુદા અંતરે પ્રકાશિત થતા સામયિકો ધ્વારા પણ એમને નાણી શકાતા હોય છે. કોઈપણ સાહિત્યના વિકાસ-વિસ્તારનું અવલોકન કરતા જણાય છે કે એમાં સાહિત્યિક પત્રકારત્વનું બળ પડેલું છે. સામયિકો, અખબારોએ જેમ પ્રજાની વાચન ભૂખ સંતોષવામાં સાહિત્યરૂચિ સંતર્પવામાં અને તેને ઉન્નત કે અવનત કરવામાં ભાગ ભજવ્યો છે તેમ પ્રજાના વૈચારિક અને સાંસ્કૃતિક ઘડતરમાં પણ તેનું મહત્વનું પ્રદાન છે.

અખબારો અને સામયિકો એક રીતે પ્રજાની જરૂરિયાતોને પ્રજાના પ્રવર્તમાન મિજાજને તેમજ એની રસવૃત્તિના નિદર્શનો આપે છે. એ રીતે કોઈપણ સામયિકના પ્રકાશન માટે વાતાવરણ તૈયાર થતું રહેતું હોય છે. પ્રજાની જરુરિયાતમાંથી જ એ ઉભા થાય છે અને પ્રજાને જયારે તેનો ખપ નથી હોતો ત્યારે આપોઆપ એ લુપ્ત થતા હોય છે.

માનવજાતને માટે ચક્રની શોધ એ દૈવી શોધ હતી. એ રીતે મુદ્રણયંત્રની શોધથી માનવસંસ્કૃતિના ઈતિહાસમાં આમૂલ પરિવર્તન આવ્યું. મુદ્રણયંત્ર પહેલા પણ ભૂર્જપત્રો, શિલાલેખો, તામ્રપત્રો કે તાડપત્રો પર લખવાની મથામણો ચાલુ હતી. લહિયાઓ અને લેખકોની પ્રત્યક્ષતા હતી. મુદ્રણયંત્ર આવતા પરોક્ષભૂમિકા ઉભી થઈ. પુસ્તકોના ઢગલાબંધ મુદ્રણોએ માનવસમાજનું ચિત્ર બદલી નાંખ્યુ ઉદ્યોગીકરણની અજબ ભૂરકી નીચે આવેલા સમાજને અને સમાજના નાનાથી મોટા તમામ વર્ગ સુધી વર્તમાનપત્રે છાપેલી માહિતીઓ આપવા માંડી. ભારતમાં અંગ્રેજ રાજય શાસનના પ્રારંભિક ગાળામાં જ અંગ્રેજ ભાષાપ્રેમીઓના હાથે ગુજરાતી ભાષાના શબ્દસંગ્રહ, વ્યાકરણ ગુજરાતી ટાઈપમાં છપાવા લાગ્યા. અર્વાચીન સમયના સંકેતરુપ ૧૮૨૨ માં પહેલું વહેલું ગુજરાતી અખબાર 'મુમબઈના સમાચાર' નામે મુંબઈથી પ્રસિધ્ધ થયું. ૧૮૪૮ માં સ્થપાયેલી ગુજરાત વર્નાકયુલર સોસાયટીએ ૧૮૪૯ માં 'અમદાવાદ વરતમાન' નામનું વર્તમાનપત્ર શરૂ કર્યું. એ થોડા જ સમયમાં અસ્ત પામ્યુ ફરીવાર

૧૮૬૦ માં 'અમદાવાદ સમાચાર' નામે તે પ્રકટ થવા માંડ્યું એ દર બુધવારે પ્રકટ થતું આ કારણે લોકમુખે એ 'બુધવારિયું' તરીકે ઓળખાતું. ૧૮૬૩ માં સુરતમાં 'ગુજરાત મિત્ર' શરૂ થયું. ઈચ્છારામ દેસાઈએ પ્રિન્ટીંગ પ્રેસ સ્થાપીને સુઘડ મુદ્રણ ધ્વારા ઉત્તમ છાપકામનો આદર્શ 'ગુજરાતી' થકી મૂકવા માંડ્યો આ સાથે ગુજરાતી અખબારોની હરોળ શરૂ થઈ. 'ચાબુક', 'જામે જમશેદ' જેવા અનેક અખબારોએ પોતપોતાની શકિત મુજબ પ્રજાજીવનનાં પ્રશ્નોમાં રસ લેવા માંડ્યો. આ અખબારો પ્રાથમિક સમાચારો આપવાની ભૂમિકાએ જ રહેલા જણાય છે પરંતુ એક વ્યવસાય તરીકે પત્રકારત્વના સ્વીકારમાં કશુંક નવું કરવાની અદમ્ય ધૂન સાથે પ્રજાકીય નિષ્ઠાને પણ મહત્વ અપાયું એ કારણે માત્ર વ્યવસાય રહી જવાના બદલે સેવાકાર્ય તરીકે એનો સ્વીકાર થયો. પત્રકારત્વને ઉંચે આણવાની અને પ્રજામૂલ્યોને સંવર્ધવાની આ દિશામાં તંત્રી, પત્રકારને પ્રજાનો શિક્ષક, પ્રજાનો નેતા, રાહબર કે બ્રામ્હણની દ્રષ્ટિથી સમાજ જોતો થયો. જો કે પ્રજા ઘડતરનું પ્રેરકબળ બની રહે અને પ્રજાના સંવાંગી વિકાસની પ્રવૃત્તિ ધ્યાન પર લાવી શકાય એ પ્રકારના અખબારોની સાથે સાધન સામગ્રીનો અભાવ ગુજરાતી પત્રકારત્વમાં પ્રારંભથીજ જોવા મળતો રહયો છે. આને લીધે વિકાસોન્મુખ પત્રકારત્વ સામે કેટલાક પ્રશ્નોનો પોષવાનું પણ બન્યા કર્યું છે.

વર્તમાનપત્રોની તુલનાએ સામયિકોના ઈતિહાસને જોઈએ તો જણાશે કે આપણા સામયિકોનો ઉદ્ભવ વર્તમાનપત્રો શરૂ થયા પછી બહુ ટૂંક સમયમાં એટલે કે ૨૫–૩૦ વર્ષના ગાળામાં જ પ્રકટે છે. ૧૮૨૨ માં 'મુંબઈના સમાચાર' ના પ્રકાશન પછી અઠ્યાવીસ વર્ષે (૧૮૫૦ માં) 'બુધ્ધિપ્રકાશ' શરૂ થયું. ૧૮૫૫ માં કરસનદાસ મૂળજીએ 'સત્યપ્રકાશ' શરૂ કર્યું ૧૮૫૬ માં 'બુધ્ધિવર્ધક' સામયિકનો આરંભ થયો. ૧૮૬૪ માં 'ડાંડિયો' અને 'ગુજરાત શાળાપત્ર' જેવા બે નોંધપાત્ર સામયિકો આપણને સાંપડયા. આમ, ગુજરાતનું સંસ્કારજીવન, નવી દુનિયાનું નિકટવર્તી દર્શન સામયિકો ધ્વારા પણ મિલાવા લાગ્યું આ બધા સામયિકોનો આશય વિશાળ વાચકવર્ગ મેળવવાના બદલે ચોકકસ વિષય અને ધ્યેય લઈને પ્રજા સમક્ષ જવાનો હતો. આવા ધ્યેયલક્ષી સામયિકોએ પ્રજાજીવનને ઉંચે આણવાના ભગીરથ પુરુષાર્થ કર્યો છે. પ્રજાજીવનના સૂક્ષ્મ વિચારો, આંદોલનો, તાત્કાલિક અને

MEHTA LIBRARY University

દૂરગામી પરિણામોને જાણવા માટે મથનારા સામયિકોની ભૂમિકાને જાણીએ.

○ 'બુધ્ધિપ્રકાશ' : બૌધ્ધિક આલોચનાની સંગીન શરૂઆત

૧૮૪૬ માં અમદાવાદ ખાતે નિમણૂંક પામેલા અંગ્રેજ ન્યાયાધીશ અલેક્ઝાન્ડર કિનલોક ફોર્બ્સને સાહિત્ય અને ઈતિહાસમાં જીવંત રસ હોવાના કારણે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ની સ્થાપના થઈ. ગુજરાતની પરંપરાઓ અને સંસ્કૃતિને સંરક્ષવા માટે આ અંગ્રેજ અધિકારીએ તમામ પ્રયત્નો કર્યા એના ફળ સ્વરૂપે 'બુધ્ધિનો પ્રકર્ષ અનુભવવા મથી રહેલા ઉત્સાહી ગુજરાતીઓએ બુધ્ધિનો, તર્કશકિત અને વૈજ્ઞાનિક મનોદશાનો તેમજ જીવનની બૌધ્ધિક આલોચનાનો જાણે કે સંપ્રદાય રચવો હોય તેમ ૧૮૫૦ માં અમદાવાદમાં શરૂ થયેલા સામયિકનું 'બુધ્ધિપ્રકાશ' એવુ નામકરણ કર્યું. બુધ્ધિનો, તર્કશકિતનો, વૈજ્ઞાનિક સમજણનો પ્રકાશ વિકાસક પરિબળ છે એવી શ્રધ્ધા તેની પાછળ હતી.[૧] એ સમયે 'બુધ્ધિપ્રકાશ' પાક્ષિક સ્વરુપે પ્રકાશિત થતુ હતું. ૧૬ પાનામાં પ્રસિધ્ધ વ્યકિતઓના જીવનચરિત્રો, ઈતિહાસ, વાર્તાઓ, રસાયણશાસ્ત્ર, વેપાર, કોયડાઓ અને ચર્ચાપત્રોમાં એમની સામગ્રી સમાયેલી જોવા મળે છે. પાક્ષિક સ્વરુપે દોઢવર્ષ ચાલ્યા બાદ સરકારી વહીવટી તંત્રની ટીકાને કારણે અને ક્ષુલ્લક વગોવણીઓમાં રસ લેવાને કારણે 'બુધ્ધિપ્રકાશનું' માન ઘટી ગયું હતું. દલપતરામે ૧૮૫૫માં 'બુધ્ધિપ્રકાશ'ને સંભાળી લીધુ તે પછી 'બુધ્ધિ પ્રકાશ' સોસાયટીની સંસ્કારી પ્રવૃત્તિઓનું આદરણીય મુખપત્ર બની રહયું. સોસાયટીની ઉન્નતિમાં 'બુધ્ધિપ્રકાશ' ધ્વારા દલપતરામે આપેલો ફાળો અનન્ય છે.[૨] દલપતરામે ગુજરાતમાં થઈ રહેલી સાહિત્યિક પ્રવૃત્તિઓની વિગતો પ્રસિધ્ધ કરવામાં, કવિતા અને નિબંધ સ્વરુપને પ્રકાશિત કરવામાં ઉત્સાહ દાખવ્યો. જે રીતે 'ડાંડિયો', 'સત્યપ્રકાશ' કે 'ગુજરાત શાળાપત્ર'ની કોઈ ખાસ વિશિષ્ટ પ્રકારની સાહિત્યિક નીતિ હતી તેવી કોઈ નીતિ 'બુધ્ધિપ્રકાશ' ના પ્રકાશન પાછળ હતી નહી આથી 'બુધ્ધિપ્રકાશ' જેને જનરલ કહી શકાય તેવું સામયિક હતું.

દલપતરામના કેટલાક નિબંધાત્મક લખાણો 'બુધ્ધિપ્રકાશ' ના તંત્રી હોવાની જવાબદારીરૂપે સર્જાયા છે. 'બુધ્ધિપ્રકાશ' ની પ્રારંભની ફાઈલોમાં જે સહી વિનાના લેખો છે તે દલપતરામના હોવાનો સંભવ છે. પ્રારંભે એમના નિબંધોની

શૈલી નિશાળમાં લખાતા નિબંધોના પ્રકારની છે. પરંતુ ક્રમશ : તેમાં વિકાસ જોવા મળે છે અને ઘીરગંભીર કોટીના નિબંધો દલપતરામ પાસેથી પ્રાપ્ત થાય છે. 'બુધ્ધિપ્રકાશ'માં પ્રકટ થયેલા દલપતરામના નિબંધરૂપ લખાણો 'શિક્ષાબોધ' અને 'તાર્કિક બોધ'માં જોવા મળે છે. આ ઉપરથી કહી શકાય કે ૧૮૫૫ થી ૧૮૭૮ સુધી તંત્રીપદે રહેલા દલપતરામના સર્જકત્વને પલોટવામાં 'બુધ્ધિપ્રકાશે' બહુ મોટો ભાગ ભજવ્યો છે. છેલ્લા સો વર્ષ દરમ્યાન 'બુધ્ધિપ્રકાશ'નું સંચાલન 'બુધ્ધિપ્રકાશ' સમિતિના મદદનીશ મંત્રીઓથી માંડીને હીરાલાલ પારેખ, બાલાશંકર, ર.છો. પરીખ જેવા મહાનુભાવોના હાથે થતુ રહયુ છે.

રણછોડભાઈ ઉદયરામે ૧૮૬૧ માં 'જે કુંવરનો જે' નામે એક નાટક 'બુધ્ધિપ્રકાશ' માં હપ્તાવાર લખ્યું હતું. ભવાઈની ગ્રામ્યતા અને અશ્લીલતાથી સુગાઈને 'નાટક વિષય પણ ગુજરાતી ભાષામાં બેડાવો જોઈએ' એવી લાગણી સાથે ગુજરાતના આધ નાટયકારનું આ પ્રથમ નાટક 'બુધ્ધિપ્રકાશે' પ્રકટ કર્યું હતું. એ રોમાંચ પેરે એવી ઘટના છે.

'બુધ્ધિપ્રકાશ'નો પ્રધાન ઉદ્દેશ નો લોકશિક્ષણ, વિદ્યા વિસ્તાર અને પ્રચાર, સમાજસુધારાનો બોધ, ગુજરાતી ભાષા અને સાહિત્યની સેવા કરવાનો રહયો છે. એમના વાચન વિષયોમાં ઈતિહાસ, કેળવણી, સમાજસુધારો, વિજ્ઞાન, હુન્નર, કળા, ધર્મ, સદાચાર અને નીતિ વિષયક લેખો સાથે ઈતિહાસ - પુરાતત્વ સબંધી અભ્યાસપૂર્ણ લેખો રહયા છે. છેલ્લા કેટલાક વર્ષોથી કવિતા - વાર્તા, સંશોધનાત્મક લેખો, આસ્વાદ લેખો, અને સાહિત્યિક, સાંસ્કૃતિક, રાજકીય યા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે બનતી ઘટનાઓ પર પણ 'બુધ્ધિપ્રકાશ' નજર માંડતુ થયુ છે.

સુધારક યુગથી આજ સુધી પ્રકાશિત થતા રહેલા આ સામયિકની ભૂમિકા આજે તો એની એજ જૂની ઘરેડમાં ચાલ્યા જતા સામયિક જેવી દેખાય છે પણ સાહિત્ય સંદર્ભે પલટાયેલા યુગો, વિવિધ સાહિત્ય, સમાજના આંદોલનો-વહેણોને તપાસવાની વિપુલ સામગ્રી 'બુધ્ધિપ્રકાશ'માં સંઘરાયેલી છે. એમાંની કેટલીક સામગ્રી આજેપણ સાહિત્યદ્રષ્ટિએ મૂલ્યવાન ગણી શકાય એમ છે. 'નૂતન કવિતા

વહેણને સત્કારવામાં 'બુધ્ધિપ્રકાશ' સંકોચ અનુભવતુ નથી એ દ્રષ્ટિની વિશાળતા કરતા પણ સમયના બળને પારખવાની અને તેની સાથે તાલ મેળવતા રહેવાની પ્રાજ્ઞદ્રષ્ટિનું એ નિદર્શક છે.[૭] 'બુધ્ધિપ્રકાશ'માં સુધારક યુગથી માંડીને આજ સમય સુધીની લેખન સામગ્રી અને સર્જકોનું વૈવિધ્ય આપણને આશ્ચર્ય પમાડે છે. 'બુધ્ધિપ્રકાશ : સ્વાધ્યાય અને સૂચિ' - ચી. ના. પટેલે કરેલા પુસ્તકમાં 'બુધ્ધિપ્રકાશનું એ સત્વ તરત જ નજરે ચઢે એવું છે.

<u>૦ ડાંડિયો : તળપદી ભાષાના જોમ અને સુધારાના ઉત્સાહનું ચિહ્ન.</u>

સામાજિક, ધાર્મિક અને સુધારાના ક્ષેત્રે ક્રાંતિ આણવા માટે બહુ ચર્ચિત એવા ડાંડિયોનો ઉલ્લેખ કર્યા વિના પત્રકારત્વની પ્રવૃત્તિને અવલોકી નહી શકાય ખરા અર્થમાં એમને સાહિત્યિક પત્રકારત્વની પ્રવૃત્તિ ન ગણીએ તો પણ વ્યાપક અર્થમાં, સામાજિક પત્રકારત્વની ઢબે ચાલેલા 'ડાંડિયો' એ બહોળા જનસમાજ સુધી પહોંચી જઈ વાંચનનું જે ઘેલું લગાડયું તે આપણી પ્રજાને સાહિત્યના સામયિક તરફ વાળવાની ભૂમિકા સ્વરૂપે પણ જોઈ શકાય.

'ડાંડિયો' શરૂ કરવા પાછળની અનિવાર્યતા નર્મદે સમાજસુધારાની જોઈ છે. વિશ્વનાથ ભટ્ટ 'ડાંડિયો' ને'જાગૃતિનો પ્રહેરી' ગણાવે છે તે આ અર્થમાં એકદમ સાચુ છે. ઈંગ્લેડમાં ૧૮ મી સદીમાં જે અનેક સામયિકો પ્રકાશમાં આવ્યા તેમાં સ્ટીલનું 'ટટેલર' (૧૭૦૯) અને એડિસનનું 'સ્પેકટેટર' (૧૭૧૧) નોંધનીય છે. સ્ટીલના નીતિવાદી માનસે ઈંગ્લેડના પ્રજાજીવનમાં વ્યાપેલી બદીઓ તરફ, છડે ચોક ચાલતા જુગાર જેવા અપલક્ષણો તરફ નિબંધ સ્વરુપમાં સબળ કલમ ચલાવી 'સ્પેકટેટરે' પણ પ્રજાને સાચે માર્ગે વાળવા અને સદ્ગુણોના વિકાસ અર્થે તીખી તમતમતી ભાષામાં ચાબખાઓ વીંઝયા. આ બંન્ને સામયિકોએ ચલાવેલી સમાજ સુધારાની જેહાદ તેમજ ગદ્યનું ઉન્નત સ્તર હાંસિલ કરવાની મથામણો નર્મદની સામે મોડેલ સ્વરુપે રહી હતી એ સમયના મુંબઈનુ શેરસટ્ટાથી કલૂષિત થયેલું વાતાવરણ ઈંગ્લેન્ડના જુગારખાનાથી જરાયે જુદુ નહોતું વળી, ગુજરાતમાં વ્યાપ્ત એવી અનેક અંધશ્રધ્ધા, વહેમ, રૂઢિ જડતાનો સામનો કરવા નર્મદ અને તેની મંડળીએ કોઈ પત્રની જરુરિયાત જોઈ હતી. નર્મદે લખ્યું છે : ' હમે એકઠા મળી એવો વિચાર

કર્યો કે આપણે દર અઠવાડીયે મળવું ને વિષયો લખી લાવ્યા હોઈએ તે તપાસી નકકી કરી પંદર દહાડે ચોપાનિયાના આકારમાં છાપી પ્રકટ કરવા. પખવાડિયે એટલા સારુ કે લખવું બની આવે ને ખર્ચ પણ થોડો થાય લોકોને ગદ્ય વાંચવાનો શોખ બિલકુલ નહી તેથી તેઓ અગરવગર ખુશામતે પૈસો ખરચી આપણું છાપુ લેવાના નહિ. ગાંઠથી ખર્ચ તો કરવો પડશે તો પણ 'સ્પેકટ્ટેટર' જેવું લખાણ કહાડવું તો ખરુ જ'.[૪] નર્મદની આ મહેચ્છા ૧ સપ્ટેમ્બર ૧૮૬૪ થી ફળીભૂત થઈ જેમાં ગિરધરલાલ અને નગીનદાસ જેવા ઉત્સાહી સુધારકોનો પણ ફાળો છે.

'ડાંડિયો' ના દર પખવાડિયે ડેમી કદના ૮ થી ૧૨ પાના પ્રકટ થતા 'ડાંડિયો' ને એ સમયની પ્રજા એટલી હોંશભેર વાંચતી કે નર્મદે નોંધ્યુ છે : 'જેમ મોર બપૈયા મેઘને માટે આતુર હોય છે તેમ ગરીબ, તવંગર, મૂરખ, ભણેલ, સ્ત્રી ને પુરુષ પહેલી-પંદરમીના 'ડાંડિયો'ને માટે વાટ જોતા બેસી રહે છે'[૫] 'ડાંડિયો' ના પ્રથમ પાને સપદ્ય અગ્રલેખ પ્રાસંગિક વિષય પર આવતો જેના નમૂનાઓ 'જુના નર્મગદ્ય'માં સાંપડે છે. એ પછી સામાજિક કે રાજકીય નાનો લેખ હોય ત્યાર પછીના બેક પાનાં શેરસટ્ટાને કે પ્રજામાંના જિન્સી (સેકશ્યુઅલ) દુરાચારને વસ્તુ તરીકે લઈને લખેલા મશ્કરીબાજ કે કટાક્ષમય કલ્પનાચિત્ર કે રેખાચિત્રમાં યા તો સંવાદ કે સ્વપ્નમાં રોકાય, તેમાં કલાતત્વ આછું પાતળું અને પ્રત્યક્ષ કે પરોક્ષ નીતિબોધ ઠીકઠીક પ્રમાણમાં હોય. ત્યાર પછીનાં બે પાનાં કેટલીક ટૂંકી નોંધોના આવે તેમાં કોઈ સ્થાનિક અધિકારીની જુલમની વાત હોય, કોઈ સામાજિક બદીને ઉઘાડી પાડી હોય કે કોઈ હરીફ કવિ પર પિસ્તોલ પાડવામાં આવી હોય.

આટલે પહોંચે ત્યાં અંક પૂરો થવા આવ્યો હોય તો પણ છેક છેવટનું પા-અર્ધું પાનું નાણાં-સંબંધી પોતાની માઠી સ્થિતિમાં રુદનગીત ગાવા ખાતે તેને ઘણીવાર રાખવું પડતું, તેમાં સામાન્ય રીતે તો લવાજમ વહેલાં ભરો એવી નોટિસ મૂકી હોય, ને નામ ગ્રાહક લેખે નોંધાવીને પત્ર લીધા છતાં પૈસા વેળાસર ન ભરનારને ટાઢા કે ઊંફાળા ડહામ દીધા હોય'.[૬]

આ પાક્ષિકપત્રના લખાણોની વિગતો તરફ નજર માંડીએ છીએ ત્યારે તેમાં ટીખળી ચાબખાઓ કે ઠઠ્ઠામશ્કરીજ જણાતી નથી. એમાંના કેટલાક લેખોમાં તો પૂરતું ગાંભીર્ય જળવાયું છે. કવિઓ, કોશ અને વ્યાકરણની થયેલી ચર્ચાઓ એમનાં ઉદાહરણ છે. 'ડાંડિયો' કારે 'સાંભળો વૈષ્ણવો ! ડાંડિયો છોશોમાં' તે કાળના દંભી વૈષ્ણવપંથના ચાળા પાડીને ઠેકડી કરી છે. તો 'અરે ઓ ભરૂચ બેંકના શેર હોલ્ડરો ! એવા સંબોધનાત્મક લખાણથી શરૂ કરી બંધા ડિરેકટરોને ખોખરા કરવાનો પાનો ચડાવ્યો છે. જગન્નાથશંકર શેઠ અને ફોર્બ્સ સાહેબની અવસાન નોંધ નર્મદે જે શૈલીથી લખેલી છે તેમાં નર્મદનું સબળ ગદ્ય આપણને તરતજ સ્પર્શે છે.

નર્મદના અનેકવિધ વિષયો પરના નિબંધો 'ડાંડિયો' માં જોવા મળે છે. સમાજ, સંસ્કૃતિ, ધર્મ, ભાષા, ઈતિહાસ અને ચરિત્રને આલેખતા નિબંધોમાં 'સંપ, સુખ, સ્ત્રી, કેળવણી, ભક્તિ અને ધર્મવિચાર મુખ્ય છે. તો સ્વદેશાભિમાન, પુર્નવિવાહ પરના વિચારોમાં નર્મદની સ્વદેશપ્રીતિ અને સમાજને વિકાસોન્મુખ કરવાની ચિંતા પ્રકટતી જણાય છે. સોક્રેટિસ, હોમર, બેકન, સીઝર, ન્યૂટન અને કોલંબસ જેવી વિશ્વખ્યાત વ્યક્તિઓના ચરિત્રોને સંક્ષિપ્તમાં એમણે મૂકયા છે. 'ગુજરાત', સુરતની ચડતી પડતી, આર્યદર્શન જેવા નિબંધોમાં ઈતિહાસ કેન્દ્રસ્થાને છે જ્યારે 'કવિ અને કવિતા', કવિચરિત્ર, સજીવારોપણ અને 'ગુજરાતી ભાષાની હાલની સ્થિતિ' જેવા ભાષા સાહિત્યને લગતા નિબંધો છે. શેરબજારના રોગમાંથી પ્રજાનો ઉગાર કરવા માટે 'બૅક બાઈનો વિલાપ' કે શેરના કાગળના કનકવા' જેવા પ્રહારાત્મક શૈલીમાં લખાયેલા નિબંધો 'ડાંડિયો' નું જમાપાસુ છે. સમકાલીન જમાનાને સ્પર્શતા એવા વિષયની આલેખન પધ્ધતિ નિરાળી છે. આ નિબંધોએ નર્મદના ગદ્યને બલિષ્ઠ બનાવવામાં સફળ ભૂમિકા ભજવી હશે એમ માની શકાય. કટાક્ષ અને હાસ્યનાં હથિયારનો એણે 'ડાંડિયો' માં પ્રકટ થયેલા નિબંધોમાં એવો સબળ ઉપયોગ કર્યો છે કે એમાંનો વ્યંગ તો અખાનું સ્મરણ કરાવે છે.

'ડાંડિયો' ની ભાષામાં પહેલીવાર ગુજરાતની તળપદી ભાષાનું સબળ ગદ્ય સાંપડે છે. નર્મદની ભાષામાં શબ્દોના જોસ્સાની ધારદાર, વેધકશૈલીની

પ્રતીતિ થાય છે. સ્વાભાવિક ગુજરાતી લખાણોનો નર્મદ પ્રબળ પુરસ્કર્તા અને સફળ પ્રયોગકર્તા છે. 'ડાંડિયો' માં પ્રકાશિત થયેલા 'અનુભવિક મૅનેજરો' લેખનું આ અવતરણ જુઓ : 'આમથી જોતાં તો આવા સમયમાં કાલેજ ના વિદ્યાર્થીઓમાંથી જેટલા એ કામને લાયક નિકલશે તેટલા બીજામાંથી થોડા નિકલવાના. હાલમાંના ઘણાખરા તો 'ઘાંચીની ઘાણી જ' ફેરવી જાણે છે. બીજું દૈવત ન મળે. કાંઈ પંચાત આવી પડે તો પોતીયાં છુટી જાય પણ જો વિદ્યાર્થીઓને (ટેકનીકલ) કામ ન આવડે તો શું થયું. જેને 'બાવીશ આવડે' તેને 'બે શીખતા' વાર કેટલી ?[7] રૂઢીપ્રયોગોનું – કહેવતોનું બહોળું શબ્દભંડોળ નર્મદને સમર્થ ગદ્યકાર રૂપે સ્થાપી આપે છે. 'ડાંડિયો'ની ભાષામાં – સંબોધનમાં જ પડકાર–ચેતવણી કે પ્રહારનો ભાવ પ્રકટ થાય છે. 'ડાંડિયો' માં કરસનદાસ, ગિરધરલાલ, નગીનદાસ, શ્રીધર નારાયણ અને ઠાકોરદાસે લખેલા લેખોમાં આવો વિશિષ્ટ અનુભવ મળે છે. વિજયરાયે 'ડાંડિયો'ની ભાષાશૈલી વિશે નોંધ્યુ છે.: 'ગદ્ય વાંચવા અણટેવાયેલી પ્રજાને એ વાંચતી કરવા 'ડાંડિયો' એ પોતાના સમયના પત્રકારે ગદ્યની જે શૈલીના બીજ રોપ્યાં અને જેને યથાસંસ્કાર ખીલવી તેમાં આજના રસજ્ઞ વાચકોને સુઘડતા ઓછી જણાશે અને લાલિત્ય તો કદાચ બિલકુલ નહીં જડે. એ મર્યાદાઓને જો વાચક ધૈર્યથી નભાવી લે તો તપછી ગુણપક્ષે તેને એ લખાણોમાં પ્રાથમિક ઉછળતું જોમ અને કેટલોક મજેદાર તરવરાટ જણાશે અને તાંકયુ તીર માર્યું જ રહેનારી સચોટતા ને તીક્ષ્ણતા પણ જણાશે.'[8]

વિજયરાયના મત મુજબ 'ડાંડિયો' ની ઓછામાં ઓછી ત્રણ શ્રેણીઓ થઈ હતી પહેલી શ્રેણીમાં ૩૨ અંકો, બીજી શ્રેણીમાં ૨૭ અંકો અને ત્રીજી શ્રેણીમાં ૫૮ અંકો પ્રકાશિત થયા હતા. 'ડાંડિયો'ના સંચાલકોએ એ પત્રને ૧૮૬૯ ની આખર સુધી સ્વતંત્રપણે ચલાવી 'સન્ડેરીવ્યુ' સાથે જોડી દીધુ હતું.[9]

સમાજની નબળાઈ – સબળાઈ પ્રત્યે જાગ્રત બનવા, બદીઓને ઉઘાડી પાડવા નીડરતાથી 'ડાંડિયો' એ જે સેવા બજાવી તેમાં પ્રજાકીય ઉત્થાનનો હેતુ તો સિધ્ધ થયો જ પરંતુ ભાષાના બલિષ્ઠપણાનો અનુભવ 'ડાંડિયો' ધ્વારા

મળ્યો. નર્મદ જેવા નિબંધકારને ઘડવામાં 'ડાંડિયો' એ પ્રમુખ ભૂમિકા ભજવી પ્રવર્તમાન વહેણોની સામે પ્રજામુખ થવાનું વલણ, વિરોધ સદીને પણ દાંડી પીટતી રાખવાનો આગ્રહ નર્મદને 'વીર' કહેવડાવે છે. રતનરુસ્તમ માર્શલ નર્મદે કરેલી 'ડાંડિયો'ની સેવાને બિરદાવતા નોંધે છે : સાહિત્યસેવા કાજે નર્મદે જે લેખ લીધેલો તેને અનુરૂપ આપણાં સાહિત્યને લગતા અનેક ઉલ્લેખ 'ડાંડિયો'માંથી મળી રહે છે. સાહિત્યની સેવા કરવાને, સારા પુસ્તકોનો સંગ્રહ કરવાને, સારું વાંચન વાંચવાને, વિદ્યાનો પ્રચાર કરવાને, ભાષા પરત્વે વધારે કાળજી રાખવાને, હિંદુઓના કાયદાનાં પુસ્તકો દેવનાગરી લિપિમાં પ્રકટ કરવાને આગ્રહ કરતા ઉલ્લેખો મળે છે.'[૧૦] આમ, સમાજસુધારાના આવેશ નીચે 'ડાંડિયો' માં પ્રસિધ્ધ થયેલી ગુજરાતી ભાષા અને સાહિત્ય વિચારણા ગુજરાતી પત્રકારત્વને અને સામયિકોને માટે માર્ગદર્શકરૂપ બન્યા છે.

<u>૦ સત્યપ્રકાશ : ધાર્મિક દંભ - અનાચાર સામેનો સત્યનિષ્ઠ અવાજ.</u>

ધર્મ, ભકિતના અંચળા હેઠળ દોરાતી પ્રજાને તત્કાલીન ધર્મ અને ગુજરાત તથા અન્ય પ્રદેશોની ઘડાતી જતી સંસ્કૃતિનો પરિચય કરાવવા કરસનદાસ મૂળજીએ 'સત્યપ્રકાશ' નામનું સામયિક ૧૮૫૫ માં શરૂ કર્યું જ્યારે દંભી સાધુઓને સમાજને બાનમાં લઈ ભકિતસ્ત્રોતના બહાને પોતાના અંગત સ્વાર્થને પોષવાની, વ્યભિચાર લીલાઓની વૃત્તિઓને ફેલાવી હતી ત્યારે 'સત્યપ્રકાશે' ધર્મને નામે ચાલતા પાખંડને દૂર કરવા તેમજ સંસાર સુધારા તરફ પોતાની દ્રષ્ટિ ઠેરવી. સુધારાના અંગરૂપ ધર્મ કે સંપ્રદાય અંગે પ્રવર્તતી સંકુચિત ભાવનાઓ અને સ્થાપિત હિતો, અધિષ્ઠાતા મહારાજોની નફફટાઈ અને વ્યભિચારોને ખુલ્લાં પાડવાનો તેમજ એ રીતે ધાર્મિક બાબતોના સત્યને પ્રકાશમાં લાવવાનો 'સત્યપ્રકાશ'નો પ્રયત્ન સુધારકયુગના સામયિકોમાં નોંધપાત્ર છે. લોકહિતાર્થે સમર્પિત 'સત્યપ્રકાશ' ની નિષ્ઠાને વિજયરાયે 'નવદ્રષ્ટિના તેજે લખલખતી ભાવનાઓને મૂર્ત કરતું' કહીને પ્રમાણી છે.[૧૧]

સુધારા માટે અવરોધરૂપ સમાજ પ્રતિનિધિઓ કે ધર્મપંથના મહારાજોની અનીતિ સામે કલમની વેગ વીંઝવી અને મંડન પ્રસંગે કલમમાંથી સુદુપદેશની સરીતા

વહેવડાવવી એ 'સત્યપ્રકાશે' પોતાનું આવશ્યક કાર્ય લેખ્યું છે. સંસાર સુધારો એટલે મુખ્યત્વે વિધવા પુનર્લગ્ન અને શિક્ષણપ્રચાર જ નહીં પરંતુ સુધારાને અંગે વ્યક્તિનો તથા એના ગૃહજીવનના સુધારા પર કરસનદાસની સબળ કલમે વેધકવાણીમાં પ્રહારાત્મક લેખો લખ્યા છે. પ્રજાજીવનની નૈતિકશુધ્ધિ કેમ થાય એ અંગે સતત બાજ નજરે જોનારા આ સામયિકનું અમરપાસું તો લાયબલ કેસ વડે છે. વલ્લભ સંપ્રદાયના દુરાચરણો સામે પોતાના સામયિકમાં પુણ્યપ્રકોપી સ્વરે લખનારા કરસનદાસ પર બદનક્ષીનો કેસ મંડાયો હતો. 'મહારાજ લાયબલ કેસમાં માત્ર ૨૮ વર્ષની ઉંમરના કરસનદાસે ઓછામાં ઓછી મદદથી સાધન સંપન્ન પ્રતિપક્ષી સામે ઝઝૂમ્યાં અને કેસ જીત્યાં.'[૧૨] જાહેર વિવાદ ધ્વારા રૂઢિ અને ધર્મ સામેનાં આ તીખા પ્રહારો એ સમયે કૌતુકનો વિષય હતો. ગુજરાતના સંસ્કારજીવનને વિકસાવવા રૂઢિવશતા અને અનાચાર સામે બાથ ભીડનારા કરસનદાસે 'સત્યપ્રકાશ'ની સુદર્શનચક્ર સાથે જે સરખામણી કરી છે એ યોગ્ય જ લાગે છે.

'સત્યપ્રકાશ'ની ભાષા 'ડાંડિયો' - 'શાળાપત્ર'ની તુલનાએ ઘણી અશુધ્ધ છે. એમાંના કેટલાક ભાષા દોષ એ સમયની મુદ્રણની પ્રતિકૂળ સ્થિતિમાંથી ઉદ્ભવતા હશે એમ માનવાને ઘણાં પ્રમાણો 'સત્યપ્રકાશ' માંથી પ્રાપ્ત થાય છે. ભાષા અશુધ્ધિ બાબતે 'સત્યપ્રકાશ'ની ટીકા કરતા રતન રૂસ્તમ માર્શલે લખ્યું છે:' તેના તંત્રીઓ કેળવાયેલા હિંદુઓ હતા છતાં ભાષાની બાબતમાં તે સમયના બીજા પત્રો અને 'સત્યપ્રકાશ'માં ઝાઝો તફાવત નથી. ભાષાશુધ્ધિને બદલે વિચાર પ્રદર્શન એ જ મુખ્ય નેમ હતી. ગુજરાતી ગદ્યનો પિતા નર્મદ હજી ઊગતો હતો. ગુજરાતી ગદ્યશૈલી ઘડાઈ નહોતી. બોલવું તેવુ લખવું એ નિયમ પ્રવર્તતો જણાય છે. વળી, લેખોમાં પેરાઓની યોગ્ય વ્યવસ્થા પણ જણાતી નથી. સમાજસુધારાની હાકલ અને ધર્મગુરૂઓ-મહારાજોના પાખંડ પર પ્રહાર એ સિવાય આ પત્રનું કશું આકર્ષક અંગ કે લક્ષણ નથી.'[૧૩]

ઈ.સ.૧૮૬૦ માં કેખુશરુ કાબરાજીના 'રાસ્તે ગોફતાર' સાથે 'સત્યપ્રકાશ' ભળી ગયુ પરંતુ ધર્મના અને સમાજના હીણપત ભર્યા સ્તરને ઊંચે લાવવા માટે કરેલો એમનો પુરુષાર્થ, સમાજને યોગ્ય દિશાએ લઈ જવાની શુભનિષ્ઠાએ 'સત્યપ્રકાશ'

ને યાદગાર બનાવ્યું છે.

o 'ગુજરાત શાળાપત્ર' પ્રત્યક્ષ વિવેચનની પ્રારંભિક પણ સંગીન ભૂમિકા

સુધારક યુગનું એક લાક્ષણિક સામયિક 'ગુજરાત શાળાપત્ર' છે. એણે ગુજરાતી સાહિત્યના પોષણ અને સંવર્ધન માટે મહત્વનું યોગદાન આપેલું. સરકારી કેળવણી ખાતા તરફથી ઈ.સ. ૧૮૬૨ માં અમદાવાદથી તે પ્રસિધ્ધ થયું ત્યારે એના તંત્રી રૂપે મહીપતરામ નીલકંઠને નીમવામાં આવેલા. 'શાળાપત્ર'નો ઉદ્દેશ શિક્ષણના પ્રશ્નોને અને કેળવણીમાં પડતી મુશ્કેલીઓ પ્રત્યે દિશા ચીંધવાનો હતો. શિક્ષક-વિદ્યાર્થી સંબંધોને વિકસાવવા તેમજ શિક્ષણની સર્વાંગી પધ્ધતિઓનો ખ્યાલ કોઈ પત્ર ધ્વારા માર્ગદર્શનરૂપે મળવો જોઈએ એવી નેમ સાથે તે પ્રસિધ્ધ થયું. ૧૮૭૦ માં આ પત્રની સ્થાપનામાં મહત્વનો ભાગ ભજવનાર એવા મહીપતરામ પાસેથી તંત્રીપદનું સુકાન કેળવણી ખાતાએ નવલરામને સોંપ્યું. માત્ર શિક્ષણ, વહીવટી વિગતો અને વિદ્યાકીય પ્રશ્નો - હેવાલોને જ ધ્યાનમાં રાખતા આ પત્રમાં નવલરામે સાહિત્યના અંગો ઉમેર્યાં અને એ સાહિત્યિક સામયિકની કક્ષામાં મૂકાયું. 'શાળાપત્ર'નું મોટાભાગનું લખાણ નવલરામે લખવા માંડયું. તંત્રી ફરજ રૂપે લખાયેલા સમાજ, શિક્ષણ અને સાહિત્ય વિશેના નિબંધો નવલરામને નિબંધકાર તરીકે સ્થાપવામાં સિંહ ભાગ ભજવે છે. એમના મોટાભાગના નિબંધો વિવેચનાત્મક છે અને તેમાં એમની શાસ્ત્રીયતા, મર્મગ્રાહીતા, સહૃદયતા અને નીરક્ષીર વિવેકવૃત્તિને સૌ વિધ્વાનોએ પ્રમાણી છે.

'ગુજરાત શાળાપત્ર' ની નોંધપાત્ર સેવા તો એમાં નિયમિત રીતે સમકાલીન સાહિત્યનું થતું રહેલું વિવેચન છે. 'ગ્રંથ નિરીક્ષા' શીર્ષક હેઠળ નવલરામે ૨૫૦ જેટલા પુસ્તકોની સમર્થ વિવેચના કરી હતી. 'કરણઘેલો', 'કાન્તા', 'સરસ્વતીચંદ્ર, ભાગ-૧ જેવી એ અરસામાં પ્રકટ થયેલી કૃતિઓ અને સંસ્કૃતગ્રંથોના અનુવાદો નવલરામની સમીક્ષાનો વિષય બની છે. નર્મદ અને દલપત, પ્રેમાનંદ - શામળની કાવ્ય તુલનાઓ 'શાળાપત્ર' માં પ્રકટ થઈ હતી આ ઉપરાંત નાટક, નાટકશાળા, ભાષા, જોડણી, કવિતા અને કવિતા વિચાર જેવી ચર્ચાઓ

'શાળાપત્ર' ધ્વારા મૂકવાથી થોડા જ સમયમાં શ્રધ્ધેય વિવેચક તરીકે નવલરામની ગુજરાતમાં પ્રતિષ્ઠા થઈ. નવા લેખકોને કવિપદ આપવાનો વણલખ્યો અધિકાર 'શાળાપત્ર'ના તંત્રીને એમની સંગીન વિવેચન પ્રવૃત્તિએ આપોઆપ અપાવ્યો તે છતા વિષ્ણુપ્રસાદ બતાવે છે તેમ : 'સાહિત્ય વિવેચનમાં નવલરામને 'શાળાપત્ર' તંત્રીપદને, શિક્ષકપદને કારણે કેટલીક મર્યાદાઓ નડી છે. નીતિરક્ષાના ખ્યાલને વશ થઈ તેઓ 'ક્લાન્ત કવિ'માં રહેલા ઉઘાડા શૃંગારને પરકીયા ભાવને કારણે વિવેચન કરવાની ના પાડી દે છે. આમ છતાં, એકંદરે 'શાળાપત્ર' અને શિક્ષકનો વ્યવસાય એમને તો ગુજરાતી વિવેચનને ફળ્યો છે એમ કહી શકાય.[૧૪] નવલરામના અવસાનબાદ ગોવર્ધનરામે પ્રસિધ્ધ કરેલ 'નવલ ગ્રંથાવલિ' માંના લેખો 'શાળાપત્ર' ની જ નીપજ છે.

નવલરામે 'શાળાપત્ર' માં બાર વર્ષ સુધી શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યેના ઉમદા વિચારોને રોપવાનું જ કામ નથી કર્યું. બલકે સાહિત્યિક રૂચિને ઉત્તેજવાના બુધ્ધિગમ્ય પ્રયત્નો સમર્પિતભાવે કર્યા હતા. આવી સાહિત્યિક ધૂન ગોવર્ધનરામ કહે છે તેમ : 'નવલરામનું જીવન તેમના મગજમાં અને હૃદયમાં હતું.[૧૫] કહેવડાવે છે. નવલરામની તંત્રી તરીકે ની વ્યવહાર દક્ષતાનો પરિચય પણ 'શાળાપત્ર' ધ્વારા થાય છે. 'શાળાપત્ર'ને સંભાળ્યા પછી સરકારી પત્ર હોવા છતા એનું વાર્ષિક ખર્ચ ૭૮૨ રૂા. નું અને ઉપજ રૂા. ૮૦૦ ની હતી.[૧૬] ધીરગંભીર વિવેચના અને સમ્યક પર્યેષણાના મંડાણ નવલરામની કલમે 'શાળાપત્ર' માં શરૂ થયા. 'નવલરામનું પત્રકારિત્વ ગંભીર અને શિષ્ટ પ્રકારનું હતું. એમાં કયાંયે આછકલાઈ, ગાળાગાળી કે નિંદા પ્રવેશ્યા નહિ. શિક્ષણને લગતા પ્રશ્નોની આટલી વિશદ્ ચર્ચા કરતું સામયિક આજે પણ આપણી પાસે બીજુ કોઈ નથી એ હકીકત ધ્યાનમાં લઈએ તો આજથી ૧૦૦ વર્ષ પહેલા આવા પત્રે કરેલી સેવાનું મૂલ્ય સમજાય. નવલરામે પોતાના જીવનકાર્યને આગળ ધપાવવાના એક પૂરક સાધન તરીકે 'શાળાપત્ર'નો ઉપયોગ કર્યો અને એ ખરા અર્થમાં એમનું મદદકર્તા અને એમના વિચારોનું વાહન, બની રહયું.[૧૭]

**<u>૦ ગુજરાતી : સચોટ ભાષાની વિવિધ તરાહોનું દર્શન.</u>**

ઈચ્છારામ સૂર્યરામ દેસાઈએ 'આર્યમિત્ર', 'મુંબઈ સમાચાર' માં કેટલોક સમય

પત્રકારત્વનો અનુભવ લઈને ૧૮૭૭ માં સુરત આવી 'શારદાપૂજક મંડળી' ની સ્થાપના કરી હતી અને એ સાથે 'સ્વતંત્રતા' માસિકનું પ્રકાશન પણ હાથ ધરેલું પત્રકારત્વની દિશાનું આ સાહસ બંધ પડતા તેઓ ફરી મુંબઈ ગયા અને નર્મદ, મણિલાલ, રતિરામ દુર્ગારામ દવેની પ્રેરણાથી તેમજ 'નર્મદે' સૂચવેલા 'ગુજરાતી' નામ સાથે ૧૮૮૦ માં 'ગુજરાતી'નો પ્રથમ અંક પ્રકટ કર્યો.

એ સમયે પ્રકાશિત થતા લગભગ ઘણેરેક પત્રો પારસીઓના હતા. જેમાં રાજદ્વારી અને હિંદુ સમાજના પ્રશ્નોનો અછડતો ઉલ્લેખ માત્ર આવતો વળી, આ પત્રોની ભાષા પારસી છાંટની વિશેષ હતી. હિંદુ સમાજને સ્પર્શતા પ્રશ્નોની ચર્ચા કરવા 'ગુજરાતી' બહાર પડયું.

ગુજરાતી સાહિત્યના અનેક સ્વરૂપોને ખીલવવામાં અને સમકાલીન રાજકીય વિષયોની ચર્ચાઓમાં 'ગુજરાતી'એ અગ્રેસર ભાગ ભજવ્યો છે. એ પત્રમાં પ્રકટ થયેલી ભાષાનું નોંધપાત્ર લક્ષણ એ છે કે એમાં 'સ્વતંત્રતા'ની માફક અઘરી ભાષા પ્રયોજવાનો મોહ દેખાતો નથી. વાચકના હૃદય પર સચોટ છાપ પાડે તેવું તળપદું, સાદું અને સરળ ગદ્ય લખવાની હિમાયત તંત્રીએ પોતાના પત્ર દ્વારા કરી છે. ભાષાની અનેક અશુદ્ધિઓ ઉભી કરતા પ્રેસથી કંટાળીને તેમજ ભાષાશુદ્ધિના અત્યાગ્રહને કારણે ઈચ્છારામ દેસાઈએ પોતાના જ 'ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસ' અને 'ગુજરાતી ટાઈપ ફાઉન્ડ્રી' સ્થાપી હતી. અંગ્રેજી અખબારના પારસી તંત્રીઓને હાથે થતા અશુદ્ધ ગુજરાતી લેખો, રેઢિયાળ અનુવાદો અને વ્યાકરણદોષો તરફ 'ગુજરાતી' પત્રે લડત આપી હતી અને એવા અનુવાદ સાથે ખાસ જુદા અનુવાદો આપીને અનુવાદોની શિષ્ટતા પ્રત્યે ધ્યાન દોર્યું.

એક જ પરેડમાં ચાલ્યે જતા વૃત્તપત્રો – સામયિકોમાં ફેરફારોની આવશ્યકતા સૌ પ્રથમવાર ઈચ્છારામ દેસાઈને જણાઈ હતી 'ગુજરાતી' પત્રનું માળખું આને લીધે જુદીજ તરાહોમાં પ્રકટ થતું. એનું પ્રથમ પાનું અંગ્રેજીનું, એ પછી સમાચારો, ગુજરાતી અગ્રલેખ, ચાલુ વાર્તા, હાસ્ય વિભાગ એ પછી વિશિષ્ટ લેખ, ચર્ચાપત્રો, વીણેલા વર્તમાન અને સંક્ષિપ્ત સમાચારોમાં વહેંચાયેલું આવું વૈવિધ્ય એ પછીના લગભગ તમામ પત્રોએ સ્વીકારી લઈને 'ગુજરાતી'નું અનુકરણ કર્યું હતું.

દેશભક્તિ, સમાજ સુધારણા, કેળવણી સાથે શુધ્ધ સાહિત્ય સેવાના આદર્શોને વરેલા આ સાપ્તાહિકે અનેક સાહિત્યિક પ્રશ્નોની ચર્ચાને અવકાશ આપ્યો છે. ગુજરાતી પ્રેસની સૌથી મોટી સેવા તેણે આપેલી 'કાવ્ય દોહન' ગ્રંથશ્રેણી અને 'નરસિંહ મહેતા તેમજ અન્ય મધ્યકાલીન કાવ્યસંગ્રહો જેવા પુસ્તકો છે. દરવર્ષે ગ્રાહકોને એક ઉત્તમ પુસ્તક ભેટ આપવાની પ્રણાલિ 'ગુજરાતી' એ ૧૮૯૧ થી શરૂ કરીને એમની વ્યાવસાયિક કુનેહનો પરિચય કરાવ્યો હતો એ સાથે ગુજરાતી પત્રકારત્વમાં નવો ચીલો પાડનારી ઘટના તરીકે પણ એનું મૂલ્ય છે. ક. મા. મુનશીની નવલકથા લેખનનો પ્રારંભ 'ગુજરાતી'માં જ થયો હતો. આ સામાજિક, ઐતિહાસિક નવલકથાઓ તેમજ હળવી કટારોએ 'ગુજરાતી' પત્રને લોકપ્રિયતાની ટોચ પર લઈ જવામાં ફાળો આપ્યો છે. ગુજરાતી સાહિત્યના વિકાસમાં નોંધપાત્ર પ્રદાનો કરનારા સર્જકો જેવા કે નર્મદ, મનસુખરામ ત્રિપાઠી, મણિલાલ દ્વિવેદી, નારાયણ ઠક્કુર, હરિલાલ ધ્રૌક, નરસિંહરાવની કૃતિઓ 'ગુજરાતી'માં પ્રકટ થઈ હતી આ દ્રષ્ટિએ સાક્ષરી પત્રકારત્વની ભૂમિકા તૈયાર કરવામાં 'ગુજરાતી'નો અનન્ય ફાળો છે. કૃતિના સ્વીકાર કે અસ્વીકારનોંધને પ્રકટ કરવાનું વિશિષ્ટ વલણ 'ગુજરાતી'માં પણ હતું. સાહિત્ય સામગ્રીની અસ્વીકાર નોંધ 'ગુજરાતી' જે સ્પષ્ટ ભાષામાં મૂકતુ હતું. તેનું ઉદાહરણ ચાંપશી ઉદ્દેશીના કાવ્યસંબંધે મળે છે. એ કાવ્ય વિશે 'ગુજરાતી'એ જાહેરમાં જવાબ આપ્યો કે :' તમારું કાવ્ય કચરાની ટોપલીને લાયક હોવાથી તેમાં પધરાવ્યું છે'. આ વાંચીને ઉદ્દેશી નોંધે છે કે :' હું રડવા જેવો થઈ ગયેલો.[૧૮]

'ગુજરાતી'ને વિશાળ વાચકવર્ગ સાંપડયો તેના કારણોમાંનું એક તે તંત્રી તરીકેની ઈચ્છારામનું વૃતવિવેચન અવનવું, કુદરતી શક્તિના પરિપાકરૂપ, દીર્ઘદ્રષ્ટિવાળુ ને સર્વગ્રાહી હતું.[૧૯] લાંબાગાળા સુધી 'ગુજરાતી' પત્રે ગુજરાતી ભાષા, સાહિત્ય અને અન્યક્ષેત્રોમાં જે સેવા કરી તે અપૂર્વ લેખી શકાય. પ્રથમ પંક્તિના આ સાપ્તાહિકના વૃત વિવેચનમાં નૂતનયુગના ચિહ્નો ઝિલી શકાય છે.

o <u>પંડિતયુગના સામયિકો :</u>

ઈ.સ. ૧૮૮૫ પૂર્વેના સમયગાળામાં અંગ્રેજી માધ્યમની કેળવણી અને યુનિવર્સિટી શિક્ષણ અંગ્રેજ શાસકો દ્વારા સમગ્ર ભારતમાં ફેલાઈ ચૂકયુ હતુ. તેના ઈષ્ટ

પરિણામરૂપે ગુજરાતી સાહિત્યમાં નર્મદ-દલપત યુગ કરતા વિકાસોન્મુખ કળા ઉન્મેષોના ચિહનો દેખાવા લાગ્યા. એ સમય ભારતીય પરંપરિત જીવનની અને ગુજરાતના સંદર્ભે અંગ્રેજી કેળવણીના પ્રતાપે ફુંકાયેલા સુધારાના ઉત્સાહી પવનોના ફેરવિચારણાનો સમય શરુ થયો. પ્રારંભના સુધારાવાદી મતાગ્રહ અને જોસ્સો ઉચ્છેદક સ્વરુપે હતો જે સાક્ષરયુગમાં સ્વસ્થતા, ધૈર્ય અને ગાંભીર્યનું સ્વરુપ લે છે. સમાજસુધારાની ઉતાવળી, અધકચરી પ્રવૃત્તિ નહીં પણ તટસ્થ નિર્દેશનની અને વ્યાપક ભાવનાની જરુરિયાત તીવ્રપણે વરતાવા લાગી હતી. એ યુગમાં સંસ્કૃત અને ફારસી સાહિત્યના શરુ થયેલા શિક્ષણે સુધારકયુગના નર્મદ, કરસનદાસ, નવલરામ, મહીપતરામ, નંદશંકર પછીની પેઢીની ગોવર્ધનરામ ત્રિપાઠી, મણિલાલ, રમણભાઈ, આનંદશંકર જેવા પંડિતોએ જીવનનો સંવાંગી અભ્યુદય થઈ શકે એવી ભાવનાથી પૂર્વ-પશ્ચિમ ઉભયની સંસ્કૃતિના સમન્વયનું વલણ અપનાવ્યું. પ્રજાજીવનને સંસ્કારવા, વિકસાવવા ઉઠાવેલી સાક્ષરી જહેમતના ફળ સ્વરુપે સાહિત્યિક પત્રકારત્વની પ્રવૃત્તિને જે વેગ મળ્યો તે આજે પણ પ્રેરક બની રહે એમ છે.

○ 'પ્રિયંવદા' અને 'સુદર્શન' :

આત્મધર્મી પત્રકારની સાહિત્યિક વિકાસયાત્રાનો હેવાલ સાક્ષરયુગમાં મણિલાલ દ્વિવેદી સાહિત્યિક પત્રકારત્વની પ્રવૃત્તિ દ્વારા અગ્રેસર બન્યાં હતા. ૧૮૮૪ માં 'ગુજરાતી' માં મણિલાલની 'નારી પ્રતિષ્ઠા' લેખમાળા પ્રસિધ્ધ થઈ હતી. સ્ત્રી કેળવણી વિશે તેઓ 'રાસ્તે ગોફતાર'ના તંત્રી સાથે ઉગ્ર વાદ વિવાદમાં ઉતર્યાં હતા આમ, પત્રકાર મણિલાલની કારકિર્દીનો પ્રારંભ સ્ત્રી કેળવણીના વિચારથી થયો છે. સ્ત્રીઓની એ સમયની સ્થિતિ અત્યંત દયાજનક અવસ્થાએ હતી બાળલગ્નો, વિધવાનો પ્રશ્નો, સ્ત્રીકેળવણી વિશેના વિચારો ગંભીરતાથી સમાજ સામે મૂકવા અને એ રીતે સ્ત્રીઓની દશા સુધારવા ૧૮૮૫માં વાર્ષિક લવાજમ રુ. ૧ એક રાખીને મણિલાલે 'પ્રિયંવદા' સામયિકનો આરંભ કર્યો. 'સ્ત્રી બોધ' પછી સ્ત્રી જાગૃતિને, સ્ત્રીઓના પ્રશ્નોની માંડણી કરતું આ બીજુ સામયિક હતુ. સામયિકના પ્રકાશન અંગે પોતાનો ઉદ્દેશ જણાવતા મણિલાલે લખ્યું છે :' એમ નિશ્ચય થયો કે

એક ઘણું સસ્તું માસિક કાઢવું ને તેમાં સ્ત્રીઓ સંબંધી તો ખરું પણ પ્રાયશ : એવી રીતિનું ને એવા વિષયનું લખાણ કરવું કે જે સ્ત્રીઓ પણ વાંચે અર્થાત્ સ્ત્રીઓને વાંચવા લાયક ન હોય તેવા વિષયો એમાં ન આવે. 'પ્રિયંવદા' ના પ્રથમ અંકમાં એ વાત આ રીતે મુકાઈ છે : 'પ્રિયંવદા' પોતાની પ્રિય વદવાની રીતિથી સર્વને રંજન કરશે પણ પોતાની સખીઓની તરફ તેની દ્રષ્ટિ વિશેષ રહેશે ખરી, તેમના કલ્યાણમાં, તેમના હૃદય સમજવામાં, તેમને સમજાવવામાં મુખ્ય પ્રયત્ન કરવો એ પોતાનો ધર્મ માનશે ખરી'

'પ્રિયવંદા'માં ઘર, શ્રધ્ધા, વાચન, સુધારો, જ્ઞાન અને ધર્મ જેવા વિષયો પર 'આર્યકુટુંબીની બાળા'ને ઉદ્દેશીને લેખો લખાયા છે. એ ઉપરાંત કાવ્યો, બાળઉછેર અને શરીરવિદ્યા ઉપરના લખાણો 'પ્રિયંવદા'ના મહત્વના વિષયો રહયાં છે. ઉચ્ચ આધ્યાત્મિક જીવનનો બોધ કરાવે અને વાચકવર્ગનો રસ સંતોષવા મણિલાલે 'ગુલાબસિંહ' નામની અનુવાદીત નવલકથા હપ્તાવાર પ્રસિધ્ધ કરેલી જે સતત દસ વર્ષ સુધી 'પ્રિયંવદા'માં પ્રકાશિત થઈ હતી. નવલરામે શરૂ કરેલી ગ્રંથ સમીક્ષાની શ્રેણી પણ 'પ્રિયંવદા'ના એક અંગરૂપ હતી. 'પ્રિયંવદા' ખાસ સ્ત્રીવર્ગ માટે જ શરૂ કરાયેલું હોવા છતાં મણિલાલની લેખનશૈલી પાંડિત્યસભર રહી હતી. બહોળા સ્ત્રી સમાજને સ્પર્શે એ પ્રકારની સરળભાષાના વ્યવહારને બદલે 'પ્રિયંવદા' ના કેટલાક લખાણો પાંડિત્ય સભર છે. ભાષાની આ દુર્બોધિતા સામે મહિલા વાચક વર્ગે 'પ્રિયંવદા'માં ફરિયાદ પણ નોંધાવી હતી. પરંતુ આ શૈલી અમુક ગંભીર લેખ પૂરતી જ રહેલી છે. 'પ્રિયંવદા'માં લખાયેલા લેખો તરફ નજર માંડતા ધીરુભાઈ ઠાકર યોગ્ય જ નોંધે છે.: 'નર્મદના 'ડાંડિયો'ની માફક તેમની પ્રિયંવદા' પણ સજીવરૂપ ધારણ કરીને વાચકને પ્રત્યક્ષ સંબોધન કરતી. એમાં વાત્ચીતિયા ઢબની તળપદી ઉક્તિઓ અને વાકય રૂઢિઓનો બહોળો ઉપયોગ નજરે પડે છે. કવચિત ઉત્સાહી ઉપદેશકની ઉદ્બોધકતા તો કવચિત કુશળ ધર્મ પ્રચારકની શાંત સમજાવટ, કવચિત હિતેચ્છુ શિક્ષકનો સંતાપ તો કવચિત કટ્ટર ટીકાખોરની તીક્ષ્ણ કટાક્ષવૃત્તિનેતો કવચિત્ સ્વજનની પરિચિંતતા એમ પ્રસંગોપાત વિવિધ ભાવભંગિઓ ધારણ કરતી, મણિલાલની વાક્છટા વાચકના

ચિત્ત પર એક કસાયેલા વકતાનો પ્રભાવ પાડે છે. નર્મદમાં અણઘડ અને અવ્યવસ્થિત લાગતું ગુજરાતી ચિંતનાત્મક ગદ્ય મણિલાલમાં સૌષ્ઠવ, શિષ્ટતા અને વ્યવસ્થિત તર્કબધ્ધતા ધારણ કરે છે.'[20] નાદુરસ્ત તબિયતમાં પણ મણિલાલે 'પ્રિયંવદા'ને નિયમિતપણે ચલાવ્યું પોતાની સામયિક નિષ્ઠાને વ્યકત કરતા એમણે કહયું હતું કે :' એનો નફો આવે તે કદાપિ મારે પંડે વાપરી ન ખાવો પણ લોકહિતાર્થે જ વાપરવો એવી મારી પ્રતિજ્ઞા છે' પરંતુ આવા ધ્યેયલક્ષી સામયિકોને નફો કરવાનું સુખ તો વિરલ જ હોય છે. અને તે છતાં મણિલાલે એ સમયમાં સંતોષપ્રદ કહી શકાય એટલો 'પ્રિયંવદા'નો વાચકવર્ગ મેળવ્યો હતો. સ્ત્રીઓના વર્ગ તરફથી મણિલાલેને પ્રંશંસાપત્રો પણ મળતા થયા હતા અને એમના લખાણો તરફ આદરભાવ સેવનારા વર્ગની સંખ્યા પણ ઘણી મોટી હતી. મણિલાલનું 'આ બધો પ્રયત્ન રુચિકર થઈ પડયો છે' એ વાકય ઘણું બધુ કહી જાય છે. હિંદુધર્મની સમજણ આપવા, એ ધર્મમાં જે કંઈ ત્યાજય હોય તે દૂર કરી મૂળને ચુસ્ત પણે વળગી રહેવાની વાત, પશ્ચિમના સુખ સગવડો અને આચાર વિચારોથી મોહિત ન થતાં આપણાં આત્મસંયમને ખીલવવાને મણિલાલે 'પ્રિયંવદા' ધ્વારા પ્રયત્ન કર્યો હતો એટલે કે એમનો આશય પ્રિય વદવાની રીતીથી સર્વનું રંજન કરવાનો તો રહયો જ સાથોસાથ ગુજરાતની પ્રજા અને કુટુંબમાં આંતરિક સુધારો કરવાની ગંભીર પ્રવૃત્તિ ને એમણે મહત્વ આપ્યું. એથી જ તેઓએ નોંધ્યુ છે કે: 'પ્રિયંવદા એ કોઈ ઈશ્કની કવિતાનો ભંડોળ નથી પણ વેદશાસ્ત્ર સિધ્ધ નિયમો સમજાવતું ધીરગંભીર સામયિક છે.' 'પ્રિયંવદા'ના પાંચવર્ષ ના અનુભવે મણિલાલને સમજાયુ હતુ કે માત્ર સ્ત્રીઓના વિષયની ચર્ચા કરતું સામયિક ચલાવવું દુષ્કર છે. એ એકાંગી બની જાય છે. અને મર્યાદિત વિષય હોવાના કારણે જોઈએ એટલા વાચકો સાંપડતા નથી. એ સમયનું સાક્ષરી પત્રકારત્વ જે દિશામાં વહેતું હતુ એ સંદર્ભે તથા પોતાના વિસ્તરતા જતાં વ્યકિતત્વના કારણે માત્ર સ્ત્રીઓના જ પ્રશ્નમાં સામયિકને સીમિત રાખવાનું યોગ્ય ન લાગતા 'પ્રિયંવદા' સામયિકને ૧૮૯૦ માં સમેટી લીધુ અને એજ વર્ષમાં મણિલાલે સ્ત્રી-પુરુષવર્ગને ઉપયોગી થઈ પડે તેવા વિચાર સત્વવાળુ 'સુદર્શન' નામનું સામયિક પ્રકાશિત કર્યું. 'પ્રિયંવદા'નું આ પરિણિત સ્વરૂપ હતું. 'સુદર્શન'નો મુદ્રાલેખ 'સત્ય'

પર ધિમહિ હતો. ( અત્રે ઉલ્લેખનીય છે કે ઉમાશંકરના 'સંસ્કૃતિ'નો ધ્યેયમંત્ર પણ 'સત્યં પરં ધિમહિ' રહ્યો હતો. આ મંત્ર ધ્વારા એમણે મૂલ્યનિષ્ઠાથી સંતર્પક એવી જીવનનિષ્ઠા એટલે કે સંસ્કૃતિનિષ્ઠાને પ્રાધાન્ય આપ્યું.) 'પ્રિયંવદા'ની ભાવનાને વ્યાપક પરિમાણ આપતા 'સુદર્શન'ના મુદ્રાલેખમાં મણિલાલે નોંધ્યું છે:' અમુક એક વિચારભાવના વાચક વર્ગ આગળ મૂકવો અને તે ભાવનાની સાથે તુલના કરતા અન્ય ભાવનાઓનો તેમાં સમાસ સમજાવવો તથા જે સિધ્ધ ભાવના કરે તે અનુસાર કર્તવ્યમાત્રને યોજવા એ આ માસિકનો જીવન ઉદ્દેશ છે. પ્રાચીન ભાવનામાં જે સત્ય છે તેનું બલ વાચકોની ભકિતને આકર્ષી શકે એ માટેના પ્રયાસો કરવાનો તથા મનુષ્ય હિતના ઉચ્ચ પ્રદેશોની ચર્ચા કરવાનો પણ એક ઉદ્દેશ છે' આમ, 'સુદર્શન'નો હેતુ શુભદર્શન, શુધ્ધ દર્શન અને શુધ્ધ તત્વ નિર્ણય કરાવવાનો હતો. આ હેતુ સૂચિત અને ફલિત થાય એ હેતુસર મણિલાલે સામયિકનું શીર્ષક 'સુદર્શન' પસંદ કર્યું હશે. સ્ત્રીઓના પ્રશ્નો ઉપરાંત સાહિત્ય ધર્મચર્ચા, રાજ્ય, સાહિત્ય, એના સ્વરૂપ અને સંબંધનો વિચાર, વિવેચનનું વિવેચન જેમ કે 'જ્ઞાનસુધા' માંથી કાંન્તના 'સિધ્ધાન્તસાર' પરના અવલોકનની ચર્ચા ઉપરાંત કવિતા, તત્વજ્ઞાન, અધ્યાત્મ, વેદાન્તચર્ચા, શબ્દચર્ચા અને જ્ઞાનવિજ્ઞાનના લેખો પ્રકાશિત થતા હતા. 'સરસ્વતીચંદ્ર' જેવી અધ્વિતીય નવલનો પ્રથમ ભાગ પ્રકટ થયો તે પહેલા બે વર્ષ આ નવલ 'પ્રિયંવદા' માં પ્રકરણવાર છપાવી શરૂ થઈ હતી જે છેક ૮૯૫ માં 'સુદર્શન'માં પૂરી છપાઈ રહી હતી. 'સુદર્શન'માં મણિલાલની વિવેચનકલા અને તેમની તત્વજ્ઞાન વિષયક તથા કેળવણીને લગતી વિચારધારાનો સમ્યક પરિચય આપણને પ્રાપ્ત થાય છે. 'પ્રિયંવદા'માં વિકસતી જતી ધર્મતત્વ ચિંતકની છાપ 'સુદર્શન'ના અનેક અંકોમાં મણિલાલના વ્યકત થયેલા દર્શન પરથી દૃઢ બને છે. મણિલાલ ધ્યેયલક્ષી પત્રકાર તો ખરા જ પરંતુ ધર્મ-ફિલસૂફી અને તત્વદર્શનની પ્રજ્ઞાને કારણે ધીરુભાઈ ઠાકરે એમને યોગ્ય રીતે જ 'આત્મધર્મી પત્રકાર' તરીકે ઓળખાવ્યા છે.

પાશ્ચાત્ય સંસ્કૃતિના ધસમસતા વિચારોને રોકવા માટે, સુધારાની નિર્બળતા, શુષ્કતા અને સ્વચ્છંદતા સામે અને ઉપરછલ્લી વિધ્વતાથી કંટાળેલા જનસમાજ સમક્ષ પ્રાચીન ધર્મભંડારના સિધ્ધાંત રહસ્યો કે જે એ વખતની બુધ્ધિ અને હૃદયની આકાંક્ષાઓને તૃપ્ત કરી શકે એ માટે 'સુદર્શન' ધ્વારા મણિલાલે અપાર પરિશ્રમ ઉઠાવ્યો. 'સુદર્શન' નિયમિત પણે પ્રકટ થાય એ માટેની જરૂરી સતર્કતા મણિલાલે

કેળવી હતી. એના ગ્રાહકોની સંખ્યા ૪૦૦ ની આસપાસ રહી હતી. યાસીન દલાલે એ બાબતે લખ્યું છે :' બંને સામયિકોમાંથી કોઈનો ઢાંચો લોકપ્રિય પ્રકારનો નહોતો અને ચોક્કસ ભણેલો વર્ગ જ વાંચીને પચાવી શકે એવા શિષ્ટ પ્રકારની એની સામગ્રી હતી એ જોતા આટલી ગ્રાહક સંખ્યા મેળવવી એ પણ એક બિરદાવવા જેવી વાત ગણાય.[૨૧]

'પ્રિયંવદા' અને'સુદર્શન' માસિકોના તંત્રીપદેથી ધર્મ, સમાજ, રાજકારણ, સંસ્કૃતિ અને સાહિત્ય એમ અનેકવિધ વિષયો પર મણિલાલે નિબંધો લખ્યા છે. મણિલાલની સર્જક પ્રતિભા કવિતા, નાટક, નવલકથા જેવા સ્વરુપોમાં કામ કરી રહી હતી પરંતુ આ બંને સામયિકોમાં એમની પ્રતિભા તો પ્રકટે છે. એક નિબંધકાર તરીકે. 'પંડિતયુગના શ્રેષ્ઠ નિબંધકાર' તરીકેની ગણના પામનારા આ સાક્ષરના અનેક નિબંધો આ બંને સામયિકોમાં પ્રકટ થતા રહયાં જેમાંના કેટલાક નિબંધો 'સુદર્શન ગદ્યાવલિ'માં ગ્રંથસ્થ થયા છે.

આ સામયિક ધ્વારા પ્રકટ થયેલા મણિલાલના સંરક્ષકવાદી વલણો રૂઢિચુસ્ત જનતામાં વિશેષ લોકપ્રિય બન્યા હોય એ સ્વાભાવિક છે. પરંતુ આ કારણે રમણભાઈ નીલકંઠ જેવા કેટલાયે વિધ્વાનો સાથે તેમને વાદ-વિવાદમાં ઉતરવું પડ્યું છે. દેશ, જાતિ કે ધર્મનો ભેદ ભૂલીને હૃદય અને બુધ્ધિથી વિચારવાના બદલે મણિલાલના પરંપરિત ખ્યાલો અને પૂર્વગ્રહો જ આગળ આવતા જણાયા હતા. હીરાલાલ પારેખે નોંધ્યુ છે :' જીવનમાં સંરક્ષણપણું અંકુશરૂપે હોય એ ઈચ્છનીય છે. પણ તે પ્રગતિને અવરોધનારું ન બનવું જોઈએ. નવા સંજોગોમાં જનતાને માર્ગદર્શનની જરૂર હતી પણ મણિલાલ તે આપી શકયા નહોતા. એક ઉત્તમ સાહિત્યકાર 'સુદર્શન' અને'પ્રિયંવદા'ના તંત્રી તરીકે સુધારાનો વિષય આવતા એક પક્ષકાર બની જાય છે તેટલેઅંશે તેમની કલમ વિચારવંત વાચકને અપીલ કરતી નથી. અને તે કેટલીક વખતે સ્વમતાગ્રહવાદનું રુપ લેતી જણાય છે.[૨૨] તે છતા આ બંને સામયિકોમાં પ્રકટ થયેલા મણિલાલના તેમજ અન્ય વિધ્વાનોના લેખો ઐતિહાસિક સમય સંદર્ભે, ભાષા અને વિચારની દ્રષ્ટિએ આગવું મહત્વ ધરાવે છે. ગુજરાતમાં સૌ પ્રથમ સાક્ષરયુગમાં સાહિત્યિક પત્રકારત્વનો ખરો આદર્શ આ બે સામયિકો ધ્વારા પ્રસ્થાપિત થયો છે. એમ કહીએ તો એ કહેવું બિલકુલ ખોટુ નહી ઠરે.

જેમ 'બુધ્ધિપ્રકાશ' તેના આરંભના ને પછીના કેટલાક વર્ષો સુધી સુધારક યુગનું પ્રતિનિધિ હતું તેમ 'સુદર્શન' એ તત્વદર્શન યુગનું પ્રતિનિધિ હતું.

o જ્ઞાનસુધા : ઉદ્દાત્ત ભાવના અને શાસ્ત્રીય વિચારણાનો પરિપાક.

એ સમયના પ્રખર સુધારક અને વિચારક તરીકે પ્રસિધ્ધ થયેલા રમણભાઈ નીલકંઠે પત્રકારત્વના ક્ષેત્રમાં બહુમૂલ્ય યોગદાન 'જ્ઞાનસુધા' દ્વારા આપ્યું છે. 'જ્ઞાનસુધા' એ પ્રાર્થના સમાજનું મુખપત્ર હતું. ૧૮૯૨ થી માસિક પત્ર રુપે એ ૧૯૧૯ સુધી પ્રકટ થયેલું 'જ્ઞાનસુધા' એ સાહિત્ય વિષયોને નવીન દ્રષ્ટિએ મૂકી આપી બુધ્ધિ, તર્ક અને ન્યાયસ્થાપિત ધોરણે ચર્ચાઓ છેડી હતી. એ રીતે પંડિત યુગમાં ઉદ્દાત્ત ભાવના અને શાસ્ત્રીય વિચારણા કરતું એ પ્રમુખ સામયિક હતું. 'જ્ઞાનસુધા' ના તંત્રી તરીકે રમણભાઈએ સંસારસુધારા અને પ્રાર્થના સમાજ માટે જબરા યુધ્ધો ખેલ્યાં અને ગુજરાતના અલ્પધાન ધાર્મિક સાહિત્યને સુપેરે પ્રગટ કર્યું.[૨૩] 'જ્ઞાનસુધા' માં પ્રથમથીજ ધર્મ અનુકેન્દ્રિત એવા સામાજિક, હાસ્યરસિક તથા શુધ્ધ સાહિત્યિક તત્વોની પર્યેષણા કરતા લેખોનું સ્થાન રહયું છે. ગુજરાતી નવલિકાનું પ્રથમ સોપાન 'જ્ઞાનસુધા' માં જોવા મળે છે. ઈ.સ.૧૮૯૬ માં 'જ્ઞાનસુધા' માં રમણભાઈએ ર'ભોમિયાએ દીધેલી ભૂલથાય' જેવું હાસ્યપૂર્ણ રેખાચિત્ર આપ્યું છે. ન્હાનાલાલનું પ્રસિધ્ધ 'વસન્તોત્સવ' કાવ્ય ૧૮૯૮ માં 'જ્ઞાનસુધા' એ પ્રકટ કર્યું હતું. તેની પ્રસ્તાવનામાં કવિએ પ્રકટ કરેલા કવિતા વિષયક વિચારોએ એ સમયમાં સારો એવો ઊહાપોહ જગાવેલ. વળી, ન્હાનાલાલના અહીં પ્રકાશિત થયેલા કાવ્યો 'કેટલાક કાવ્યો ભાગ-૧' માં પછીથી સંગ્રહિત થયેલા તેની સાથે સરખાવતા બે વચ્ચે અનેક પાઠફેર જોવા મળે છે જે બતાવે છે કે 'જ્ઞાનસુધા' એ ન્હાનાલાલની સર્જન પ્રવૃત્તિની કાર્યશિબિર (વર્કશોપ) ની ગરજ સારી હતી.[૨૪] 'નવચેતના' ના આદ્યતંત્રી ચાંપશી ઉદ્દેશીમાં યુવાવયે જાગેલા સર્જન ઉત્સાહને સૌ પહેલો પાનો ચડાવવાનું કાર્ય 'જ્ઞાનસુધા' એ કર્યું હતું. તો બળવંતરાય ઠાકોરના 'પ્રેમનો દિવસ' સોનેટ માળામાંના કેટલાક સોનેટો પણ 'જ્ઞાનસુધા'માં પ્રકટ થયા હતા રામલાલ મોદી જેવા સંશોધકને 'જ્ઞાનસુધા' એ પૂરતું પીઠબળ આપ્યું હતું. ગુજરાતી સાહિત્ય પરિષદે શું કરવું શું ન કરવું ? જેવા પ્રશ્નો ઊભા કરીને ગુજરાતી સાહિત્યિક પ્રવૃત્તિને

દિશાસૂચન આપવાનું ગુજરાતી જોડણી વિષાયક લેખો ધ્વારા ભાષા અંગે વિચારણા મૂકવાનું, અનેક સંસ્થાઓના ભાષણો, પ્રવૃત્તિઓ, અને અહેવાલો ધ્વારા જે – તે સંસ્થાઓના પરિચયમાં લાવવાનું કાર્ય રમણભાઈના હાથે થયુ છે. અનેક ગ્રંથોની સમીક્ષા પણ રમણભાઈના હાથે આ ગાળામાં થયેલી જોઈ શકાય છે. 'કાવ્ય માધુર્ય', 'ઈન્દ્રકુમાર', 'નરસિંહ મહેતા : જીવન અને કથન' 'ભાગવદ્ ગીતા', 'યોગ વાસિષ્ઠ', 'શ્રીકૃષ્ણ જીવન', 'વિદેહ ગુજરાતી સાક્ષારો', 'વિલાસિકા', 'યુરોપ યાત્રાની પ્રવાસ પુષ્પાંજલિ', 'મુદ્રારાક્ષસ', 'કલાપીના સંવાદો', 'થાકેલું હૃદય', 'રાજ રાજેન્દ્રને', 'ગુજરાતનું નવલકથા સાહિત્ય', 'નવલ ગ્રંથાવલિ' વગેરે ગ્રંથોના રમણભાઈએ લખેલા અવલોકનો અને તેને અનુષાંગે ચાલેલી સાહિત્યિક ચર્ચાઓનો એક વધુ લેખસંગ્રહ થાય એટલી માતબર સામગ્રી એમાં છે.'[૨૫]

'જ્ઞાનસુધા'માં ગંભીર લેખોની સાથોસાથ હાસ્યરસની સામગ્રી પણ સ્થાન પામી છે. રમણભાઈ, વિદ્યાબહેન, ધનસુખલાલ આ પ્રકારના નર્મમર્મ લેખોથી ગુજરાતી સાહિત્યમાં હાસ્યરસનું ખૂટતું અંગ પૂરુ કરી આપે છે. ગુજરાતી હાસ્ય સાહિત્યની ચિરંજીવ કૃતિ 'ભદ્રંભદ્ર' 'જ્ઞાનસુધા'માં હપ્તાવાર પ્રસિધ્ધ થયેલી. જે એ સમયમાં વાદ-વિવાદનું કેન્દ્ર બની હતી.

જમાનાની જરૂરિયાતમાંથી જન્મેલા આ સામયિકે સાહિત્યિક સામયિક તરીકે કેટલીક વિશિષ્ટતાઓ જરૂર દર્શાવી છે પરંતુ છેલ્લાં તબકકામાં તે કેવળ પ્રાર્થના સમાજની જ કાર્યપ્રવૃત્તિને અવલોકતું જોવા મળે છે. રમણભાઈના સામાજિક સેવા ક્ષેત્રોની વ્યસ્તતાને કારણે 'જ્ઞાનસુધા'માં જે સાહિત્યિક ઉન્મેષ જોવા મળતો હતો તે ઉત્તરોત્તર ઓછો થઈને છેલ્લા બે-ત્રણ વર્ષમાં તો લગભગ નહીવત્ બની ગયો હતો. રમણભાઈના વિચારોનું વાહન બનેલું આ સામયિક કેવળ ધાર્મિક મુખપત્ર બનીને અટકી ગયુ હતુ. તે છતા ગુજરાત અને ભારતીય સંસ્કૃતિને પોષાક તેમજ ધારક એવી પ્રવૃત્તિમાં 'જ્ઞાનસુધા'નો ફાળો અનન્ય છે. 'જ્ઞાનસુધા' એ ગુજરાતી સાહિત્યક્ષેત્રે કરેલા વિશદ્ પ્રદાનો ધીરુભાઈ ઠાકર સંશોધિત 'જ્ઞાનસુધા : સ્વાધ્યાય અને સૂચિ' પુસ્તક પર નજર નાખતા સહેજે ધ્યાનમાં આવશે.

<u>૦ સમાલોચક : સાક્ષરી પરંપરાનો વિસ્તાર</u>

ઈ.સ. ૧૮૯૬ ના જાન્યુઆરીમાં શરૂ થયેલું 'સમાલોચક' પંડિતયુગના સાહિત્યિક સામયિકોની સાક્ષરી પરંપરાનો વિસ્તાર કરનારું સામયિક હતું. ૧૯૧૪ માં માસિક સ્વરૂપે પ્રકટ થયા બાદ અંબાલાલ જાની, ચંન્દ્રશંકર પંડ્યા અને રમણીયરામ ત્રિપાઠીની તંત્રી સેવાઓ 'સમાલોચક'ને પ્રાપ્ત થઈ હતી જેમણે સાહિત્યની તાત્ત્વિકચર્ચા, અભ્યાસપૂર્ણ વિવેચના, સાહિત્ય, ભાષા, વ્યાકરણ, તત્વજ્ઞાન, સંસ્કૃત સાહિત્ય અને ક્વચિત્ અંગ્રેજી સાહિત્યિક લેખો અને સંશોધનાત્મક સામગ્રીથી 'સમાલોચક' ને તે સમયના અગ્રિમ હરોળના ગંભીર સામયિકોમાં સ્થાન અપાવ્યું. 'સમાલોચક'ની સફાઈદાર છપાઈ, તેમાં મુકાયેલા ચિત્રો, ભેટ પુસ્તક આપવાની પ્રથા અને ૬૪ પાનામાં અપાતું વાંચન વાચકોને માટે આકર્ષણનો વિષય બને તેમાં નવાઈ પામવા જેવું નથી.

'સમાલોચક'માં પ્રસિધ્ધ થયેલી લેખસામગ્રીને ધીરુભાઈ ઠાકરે સાત વિભાગમાં વિભાજીત કરી બતાવી છે: (૧) વર્તમાનચર્ચા (૨) વિવાદ (૩) વિશિષ્ટ લેખમાળાઓ (૪) ગ્રંથાવલોકન (૫) સ્ત્રી-વાચન વિભાગ (૬) અવસાન નોંધ (૭) પ્રકીર્ણ [२६] આવી વિભિન્ન પ્રકારની લેખસામગ્રી પ્રસિધ્ધ કરવા પાછળ 'સમાલોચક' નો પ્રધાન ઉદ્દેશ ભારતીય ધર્મ, તત્વજ્ઞાન, ચારે પુરૂષાર્થની આડે આવતા સામાજિક રીતરિવાજો, રાજ્યક્ષેત્રે લોક જાગૃતિ, પાશ્ચાત્ય દેશોમાં થતી વ્યાપારાદિની નવી યોજનાઓ વગેરે બાબતોની ચર્ચા કરીને ગુજરાતી વર્ગની સેવા કરવાનો' રહ્યો છે. લોકોના હિતાહિત ઉપર અસર કરતી, બનતી, બનેલી કે બનનાર બાબત ઉપર સમીક્ષા કરવાની મહેચ્છા 'સમલોચક' પૂરી પાડી હતી.

પંડિતયુગના લગભગ દરેક સમર્થ સર્જકોના લખાણો 'સમાલોચક'નું પ્રધાન આકર્ષણ હતા. ગોવર્ધનરામ, ઉત્તમલાલ મણિલાલ, નર્મદાશંકર મહેતા, ઠાકોર, ન્હાનાલાલ, નારાયણ હેમચંદ્ર, ગોવર્ધનરામ, હીરાલાલ વ્રજ ભૂખણદાસ, ધનશંકર હીરાશંકર ત્રિપાઠી, ગજેન્દ્રશંકર પંડ્યા, રણજિતરામ, મુનશી, કૃષ્ણાલાલ ઝવેરી, નરસિંહરાવ જેવા અનેક સાક્ષારોના હાથે 'સમાલોચક' વ્યાપક અર્થમાં ગુજરાતી

સાહિત્યની સર્વાંગી દિશાઓને જોનારું સામયિક બની રહ્યું હતું.

'સમાલોચક' ૧૯૨૬ માં બંધ પડ્યુ પરંતુ ત્રણ દાયકા પર્યન્ત એમણે બજાવેલી સાહિત્ય સેવાએ સંસ્કાર સેતુનું કાર્ય કર્યું. 'સાહિત્યિક સત્વની દ્રષ્ટિએ કદાચ આજે એમની લેખ સામગ્રી એટલી આકર્ષક ન લાગે પણ ભારતીય પ્રજાના જીવન પ્રવાહના વમળો, વળાંકો અને ઉથલાની પાછળ રહેલા સાંસ્કૃતિક સાતત્યને સમજવા ઈચ્છનારને માટે એ સામગ્રી અત્યંત મૂલ્યવાન છે. ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિના ઈતિહાસનો સિલસિલો એમાં સચવાયેલો છે.[૨૭] સાક્ષરી પત્રકારત્વના ઉત્તમ નમૂનાઓ પ્રગટ કરતા આ માસિકમાં 'બારથી પંદર વર્ષનો ગુજરાતી પ્રજાજીવનનો રસપ્રદ વૃતાંત જે મળે છે એ અન્યત્ર માસિકમાં જવલ્લે જ'[૨૮] મળે એ પ્રકારની સમાલોચકની કામગીરી રહી હતી.

## ૦ વસંત : સાહિત્યિક – સાંસ્કૃતિકઉપલબ્ધિઓનું સર્વાંગી નિદર્શન

ગોવર્ધનરામે નવલકથા 'સરસ્વતીચંદ્ર' માં અને મણિલાલે 'સિધ્ધાન્ત સાર', 'પૂર્વ અને પશ્ચિમ' જેવા પુસ્તકો અને 'પ્રિયંવદા', 'સુદર્શન' સામયિકોમાં દર્શનની પીઠિકા રચી આપી. ગોવર્ધનરામે પ્રાચીન હિંદ, અર્વાચીન હિંદ અને અર્વાચીન યુરોપની વિચાર-આચારણાના સંઘર્ષોને નિરુપવાની મથામણ કરી હતી. આર્ય સંસ્કૃતિની સામે ફૂંકાયેલા પાશ્ચાત્ય સંસ્કૃતિના ચિહ્નો સામે મણિલાલે ઉપનિષદ, વેદાન્ત અને અદ્વૈતવાદના વલણોનો ઝંડો ફરકાવ્યો હતો. રમણભાઈએ, 'જ્ઞાનસુધા' અને અન્યત્ર પ્રદર્શિત કરેલા વિચારોમાં મણિલાલના વલણ સામે પ્રતિપક્ષ સ્વરૂપે પણ ધાર્મિક વિચારણાના અવલોકનો રજુ કર્યા. 'આ મનોમંથન કાળમાં મણિલાલે એટલે સુધી કહ્યું કે : 'વિચાર ઉત્તમ છે, આચાર ક્ષુલ્લક છે' આમ, બીજે છેડે જઈને એમણે વિચારનો મહિમા ગાયો. આ પરિસ્થિતિમાં આનંદશંકરભાઈને લગભગ ૧૯ મી સદીના સમાપ્તિકાલે યુગપરિવર્તનના ચિહ્નો જણાયા અને 'વગર પ્રણાલિ'એ 'વસંત' પત્ર ધ્વારા આપણા ધર્મ અને તત્વજ્ઞાનનું સ્વરુપ ગુજરાતને સમજાવવા માંડયુ તેઓશ્રીને એક ગુરુ કે એક પ્રાંતનું તો શું પણ એક દેશનું સાહિત્ય પણ ઊગતા જમાનાને સંતોષવા માટે પર્યાપ્ત જણાયું નહી એટલે જગત સાહિત્યમાં પરમાત્માની શોધ એમણે આરંભી'[૨૯] આ શોધ રસ્તે જવાનું પ્રથમ પગથિયું ૧૯૦૨ માં શરૂ કરેલું 'વસંન્ત' સામયિક હતું સતત દસવર્ષ સુધી (૧૯૧૨)સુધી 'વસંત'ના તંત્રીપદે એઓ રહયા. પછીના ૧૨ વર્ષ

રમણભાઈ નીલકંઠે 'વસંત'ને સંભાળ્યું એ પછી ૧૯૨૪ થી ૧૯૩૯ સુધી એટલે કે 'વસંત' બંધ પડયુ ત્યાં સુધી એના તંત્રીપદે આનંદશંકર રહયા. સમયનું યોગ્ય પ્રતિબિંબ ઝિલે અને તેના જીવન વિકાસમાં કાંઈક પણ સહાયરૂપ થાય એવા માસિકની આકાંક્ષા આનંદશંકરને 'વસંત'નો આરંભ કરવા સુધી દોરી જાય છે. માસિકના ઉદ્દેશને વ્યકત કરતા એમણે લખ્યું હતું કે : 'શ્રુતિ કહે છે કે 'સત્ય' એ સર્વ ભૂતોનું મધુ (પુષ્પરસ) છે અને સર્વભૂતો સત્યનું મધુ છે. એ મધુને પોષવું, પ્રકટાવવું, રેલાવવું એ 'વસંત'ની પરમ ઉદ્દેશ ભાવના છે. એ ભાવનાનો લક્ષાંશ – એ 'મધુ'નું એક પુષ્પમાં એક બિંદુ પણ સંતોષકારક રીતે ઉપજાવી શકાય તો 'વસંત'નો જન્મ સાર્થ છે. સત્યસ્વરુપ વિચાર (એબસ્ટ્રેકટ થોટ) અને સત્યસ્વરુપ સંસ્થાઓ (ઈન્સ્ટીટયૂશન્સ) નું અવલોકન કરવું તથા ધર્મને એમના મધ્યબિંદુએ રાખવો એ 'વસંત'નો મુખ્ય આશય જણાવાયો હતો. આ આશયની સિધ્ધિ અર્થે એમણે પાંચ સાધનોની જિકર કરી હતી (૧) સત્ય કહેવું એટલે કે યથાર્થ કહેવું (૨) ધર્મે ચીંધેલા કર્તવ્યને હંમેશા કર્યા કરવું (૩) 'કુશળ' અને'ભૂતિ' એટલે કે કલ્યાણ અને આબાદી એ બાબતે બેદરકાર ન રહેવું (૪) સ્વાધ્યાય (૫) વ્યાખ્યાન એટલે કે ભાષ્ય અને તેનો ઈતિહાસ દ્રષ્ટિએ વિચાર.

વસંતે ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં નવસંચાર ઉપજાવ્યો હતો. સાહિત્યના નવજીવન, નવીન ઉદાર ભાવનાના પ્રાણરૂપ તાજગીસભર વાતાવરણ ઊભુ કરવામાં એમણે તમામ બાજુઓથી પ્રયત્નો કરવા માંડયા. એ સમયનો પદવીધારી વર્ગ ગુજરાતી ભાષામાં લખવા ભાગ્યેજ તૈયાર થતો હતો એઓમાંથી ભૂલાભાઈ દેસાઈ, છોટાલાલ વકીલ, શિવાભાઈ મોતીભાઈ, બાલકિસનદાસ દલાલ જેવા વિધ્વાનોને આનંદશંકરે 'વસંત'માં લખતા કર્યા હતા. 'દેશી મીલના માલ જેવી જરા ઝાંખી કુમાશ ને પટ્ટા દાખવતા 'વસંત''[30] માં સ્થાન પામેલા કેટલાક વિષય તરફ નજર માંડીએ તો અધાત્મ, તત્વજ્ઞાન, વ્યાકરણ, રાજકારણ, સમાજજીવન અને આર્થિકપ્રશ્નોની વિચારણા, નાટક, કવિતા, વાર્તા, નિબંધ, ગ્રંથાવલોકન, ચિંતનાત્મક-સંશોધનાત્મક અને વિશ્લેષણાત્મક નિબંધો, વિજ્ઞાન અને વૈજ્ઞાનિક દ્રષ્ટિના નિબંધો, માનસશાસ્ત્ર, શરીરશાસ્ત્ર વિષાયક લેખો, ઉધોગ અને આરોગ્યશાસ્ત્ર, વિશ્વરાજકારણ, કૃષિવિજ્ઞાન અને રેલવે તંત્રના લેખો પણ 'વસંત'નું ધ્યાનાર્હ પાસું છે. આ ઉપરાંત શબ્દચર્ચા, ખગોળવિધા તથા

સંગીત વિષયક લેખો 'વસંત'માં પ્રકાશિત થતા હતા. તેના છેલ્લા પૂંઠા પર પશ્ચિમના કે પૂર્વના સમર્થ વિધ્વાનોના અવતરણો મૂકાતા. આ યાદી પરથી જોઈ શકાય છે કે એ માત્ર 'સાહિત્ય'ના પ્રશ્નોને જ ચર્ચતું માસિક નહોતું પરંતુ એમની દ્રષ્ટિ માનવવિદ્યાની અનેક શાખાઓ પર ફરી વળેલી હતી.

'વસંત' ધ્વારા આનંદશંકરના સાહિત્ય, કેળવણી, રાજ્ય, સમાજ અને સંસ્કૃતિને લગતા અનેક નિબંધો મળે છે. ગુજરાતી ભાષામાં ધર્મ અને સાહિત્ય તત્વોનો તાજગીભરી દ્રષ્ટિએ સમ્યક પરામર્શ કરીને ચિંતનાત્મક સાહિત્યમાં આનંદશંકરે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. તેમનું નમ્ર મંતવ્ય હતું કે :'મારુ ઉત્તમ તો ધર્મ વિષયક લખાણોમાં છે'. મુખ્યતયા 'વસંત'માં અને અન્ય સામયિકોમાં પ્રકટ થયેલા તેમના ધર્મવિષયક લખાણોના પરિપાક રુપે 'આપણો ધર્મ' જેવો અલભ્ય ગ્રંથ ગુજરાતી સાહિત્યને મળ્યો છે. આનંદશંકર ધ્વારા 'વસંત'માં લખાયેલી પ્રાસંગિક નોંધોનું પણ એટલું જ મહત્વ છે. 'હૃદયના હકક' શીર્ષક અંતર્ગત લખેલી આવી પ્રાસંગિક નોંધ, અંજલિ લેખો 'વસંત'નું સમૃધ્ધ અંગ છે. 'જ્ઞાનસુધા'માં પ્રકટ થયેલી 'ભદ્રંભદ્ર'માં રમણભાઈએ નિરુપેલ ભાષણ , વ્યસન જેવા અનેક દોષોનું જે સુધારકોમાં આરોપણ કર્યું હતુ એને કારણે વસંતે 'ભદ્રંભદ્ર'ને સુધારાનો પક્ષ સબળ કરવાને બદલે એના માર્ગમાં બાધારુપ ગણાવી હતી. ચાર દાયકા સુધી ચલાવેલી સાહિત્ય, શિક્ષણ અને સામાજિક વિચારણાના પરિપાકરુપ 'વસંત'ના પ્રકાશિત લેખો 'કાવ્યતત્વ વિચાર', 'સાહિત્ય વિચાર', 'દિગ્દર્શન' અને વિચારમાધુરી :૧/૨ માં સંગ્રહિત થયા છે જેમાં આનંદશંકરની સમન્વયશીલ દ્રષ્ટિ અને ઉદાર મતવાદી વિચારણાનો પરિચય પ્રાપ્ત થાય છે. ગાંધીજીએ પણ નોંધ્યુ છે :' એમના લેખો આફ્રિકામાં તેમના જેવાઓનો ખોરાક હતા. આનંદશંકરના માસિક 'વસંત'ને માર્ગદર્શક, શિક્ષણ તરીકે વંદનાર અહી તો સારો વ્યાપક વર્ગ [૩૧] 'વસંત'માં ઉત્તમલાલ, કૃષ્ણલાલ ઝવેરી, બળવંતરાય ઠાકોર, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, રમણભાઈ નીલકંઠ, ન્હાનાલાલ, કાન્ત, નારાયણ હેમચંદ્ર, કેશવચંદ્ર સેન, સાકરલાલ દેસાઈ, નરસિંહરાવ જેવા અનેક વિધ્વાનો અને ચંદ્રવદન મહેતા, સ્નેહરશ્મિ જેવા નવકવિઓના વિકાસના પ્રથમ તબકકે લખાણો પ્રકાશિત થયા હતા.

સમકાલીન સાહિત્યની સમીક્ષા કરવાનું વલણ 'વસંતે' ઉત્સાહભેર શરૂ રાખ્યું હતું.

પરંતુ 'વસંત'માં થતા ટૂંકા અને અધૂરપભર્યા અવલોકન બાબતે ઠાકોરે ફરિયાદના સ્વરે લખ્યું છે :'વસંત' ને અનેક મિત્રો અને હિતેચ્છુઓએ અનેકવાર સૂચવેલું કે વધારે અવલોકનો આપો. માસિકને બરના અવલોકનો એ અવલોકન ક્રિયાનો વિશિષ્ટ પ્રકાર છે. એ વાત 'વસંત'ના તંત્રીના વિશાળ ફિલસૂફ મગજમાં સ્પષ્ટ આલેખાઈ નહી કોણ જાણે શા કારણથી ?[૩૨]

'વસંત' જેવા સામયિક માટે આનંદશંકરે ક્યારો નહી પણ વાતાવરણ કહયું હતુ. આ નૂતન વાતાવરણ સર્જવામાં, જીવનને વગર પ્રણાલિએ વહેવા દેવામાં પોતાની સત્વશીલ વાણીમાં વિચારક, સર્જક તરીકેની પ્રતિભાને ખપમાં લીધી. વિવિધ જવાબદારીઓ વહન કરતા આચાર્ય ધ્રુવને માટે નિયમિત સામયિક ચલાવવું એ મોટો પડકાર હતો. જે અશક્ય લાગતા સંજોગોમાં પણ તેમણે નિભાવ્યું હતું. સાહિત્ય જીવનની સાથે સાંસ્કારિક જીવનમાં ઉલ્લાસ પ્રકટાવવા મથતા આનંદશંકરે એટલે જ કદાચ 'વસંત'ના રજત મહોત્સવ સમારંભમાં જેમ નવાયુગની જરુરિયાત માટે 'વસંત' પ્રકટ થયુ હતુ તેમ એ પછી બદલાતા જતા જમાનાને અનુરુપ થવા કોઈ નવા જ સામયિકની એમણે જરુરિયાત જોઈ હતી. અન્ય સામયિકોની સાથે 'વસંતે' પણ યુગભાવનાને મૂર્ત કરી આથી અને એમની સિધ્ધિઓના પાયા પર ગુજરાતી સાહિત્ય સામયિકોએ પોતાની દિશાઓ વિકસાવવાનો પ્રારંભ કર્યો.

<u>૦ સામયિકોના આદર્શ, વ્યવસ્થા અને પ્રદાન વિષાયક કેટલીક નોંધપાત્ર વિગતો</u>

આ સામયિકો પર નજર નાખતા સહેજે સમજાશે કે મોટાભાગના સામયિકોએ ગુજરાતી પ્રજાને નવું વાચન આપવાનો કે મનરંજન કરવાના હેતુઓ માત્ર ન રાખતા પ્રજાકીય સાંસ્કૃતિક વલણોને કેન્દ્રમાં રાખની પ્રજાજીવનને ઉર્ધ્વમાર્ગે લઈ જવાનો પુરુષાર્થ કર્યો પત્રકારત્વની વિધીસરની દીક્ષા ન પામેલા આ તંત્રીઓ પાસે જીવનનો વિશાળ અનુભવ, ઉચ્ચ કેળવણીના કારણે સારાસારની વિવેકબુધ્ધિ, જન્મજાત પ્રતિભા અને કુટપ્રશ્નોને સર્વાંગી દષ્ટિએ વિચારવાની ધૈર્યતા હતી. મંત્રીઓ પાસે સમાજને 'કહેવા જેવું' ઘણું બધુ હતું આમના લીધે સામયિકોમાં મોટાભાગના લખાણો પોતાની જાતે જ લખવા માંડયા હતા. એ લખાણો સુધારાનાં પ્રબળ આવેશથી લખાયા હોય, આપણા જનજીવનને દૂષણોમાંથી ઉંચે ઉઠાવવાની અધિરાઈ હોય કે સ્વસંસ્કૃતિ

પરત્વે અભિમુખ કરવાની ઉત્કટ સાંસ્કૃતિક ઝંખનાને પ્રકટ કરી હોય પરંતુ એ વાત સાથે સૌ સંમત થશે કે એ તંત્રીઓ અને એમના સામયિકો પ્રજાને સમર્પિત હતા. વળી, એ સમયગાળાના સર્જકોની યાદી તપાસીએ છીએ ત્યારે જણાય છે કે આ સામયિકોએ સામગ્રીની બાબતે કયારેય તંગી અનુભવી નહી હોય.

પત્રકારત્વના ક્ષેત્રને સેવાના પવિત્ર વ્યવસાય (મીશનરી વર્ક) તરીકે જ પ્રયોજવાનું અને કોઈને કોઈ વિચારધારા પર અડગ રહેવાનું ધૈર્ય આ સામયિકોને વિશિષ્ટ કહેવડાવે છે. સામાન્ય જનને રુચે એવું, વાચક શું વાંચે છે કે વાંચવા માંગે છે એની દરકાર કર્યા વિના કશુંક ગંભીર કહેવાની અને પોતે ગંભીર પ્રવૃત્તિ કરી રહયા છે એવી સભાનતાને કારણે સામાન્ય માણસનો છેદ આ સામયિકોએ ઉડાવી દીધો હતો. સર્જકો અને સામાન્યજન વચ્ચેનું અંતર વધ્યું તેમ સાક્ષરો અને કેળવણી પામેલા શિક્ષિતો ની મંડળીઓ ઉભીથવા લાગી. જુદા જુદા સામયિકોમાં જુદીજુદી સાક્ષર મંડળી કામ કરતી હતી જેમણે 'પીરીઓડીકલ્સ વીથ અ પર્પઝ' અથવા 'પ્લાનેડ પીરીઓડીકલ્સ' જેવા હેતુલક્ષી અને ચોકકસ આયોજન સાથે ચાલનારા સંગીન સામયિકો પ્રકાશિત કરવાની ખેવના દાખવી. આનું એક દુષ્પરિણામ એ પણ આવ્યું કે જૂથવાદની અસર વરતાવા લાગી 'સમાલોચક જૂથ' એનું ઉદાહરણ છે તે છતાં નોંધવું જોઈએ કે આ મતાગ્રહો અને ખંડન-મંડન ધ્વારા ગુજરાતમાં 'વૃત' નહી પણ 'વિચાર' નો મહિમા સ્થાપિત થયો હતો.

આમાંના મોટાભાગના સામયિકો સચિત્રતાથી દુર હતા. સામયિકના ગેટ અપ કે બાહય દેખાવ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે એમના આંતરિક સત્વને જ પ્રકટ કરવાનું વલણ હતુ. વળી, સિમિત વાચકવર્ગ હોઈને સંગીન સામયિકનું પ્રકાશન હાથ ધરવું એ ખોટના હિસાબમાં જંગી વધારો કરતા જેવું દુઃસાહસ હતુ. આ સામયિકો ટાંચા સાધનો અને સામગ્રીની ઉણપો વચ્ચે જન્મ્યા હતા. પ્રિન્ટીંગ ટેકનોલોજીના ઉદ્દ્ગમ અને વિકાસના તબકકે સામયિકમાં વૈવિધ્ય દર્શાવવાનું લગભગ અશકય હતુ. ગ્રાહકો અને વાચકોને આ પ્રકારની સામગ્રી વાંચવા પડવાના હતા. 'ડાંડિયો'ના પ્રથમ બે અંકો તો મફતમાં વહેંચી નાખવા પડયા હતા. 'ગુજરાતી' સિવાય બીજા પત્રોની હાલત પણ 'ડાંડિયો' થી વિશેષ સારી નહોતી. ૩૦૦ ગ્રાહકોના લવાજમે

૩૦૦૦ વાચકો જરૂર મળી આવતા હતા પણ ૩૦૦૦ જેટલા ગ્રાહકો સામયિક માટે તૈયાર થઈ સાહિત્યિક સામયિકને આર્થિક બાજુએ નિર્ભય કરી આપે તેવું વલણ ત્યારે નહોતું-આજે પણ નથી.

નીડરતા આ સામયિકોનો પ્રથમ નજરે દેખાઈ આવતો ગુણ છે. 'ડાંડિયો', 'સત્યપ્રકાશ'થી માંડીને 'જ્ઞાનસુધા'એ તડફડીયા શબ્દોમાં કોઈની શેહેશરમમાં દબાયા વિના રોકડું પરખાવવાનું વલણ દાખવ્યું હતું. આ કારણે જાગેલા વાદ - વિવાદનો સીધો લાભ ગુજરાતી સાહિત્ય અને પ્રજાને જ થયો. એ ચર્ચાઓના કારણે વિષયના ઊંડા અવલોકનોની તક સાંપડી, વિવિધ દૃષ્ટિકોણનો લાભ મળ્યો અને વધુ તો અભ્યાસને ધારદાર કરવાનું વાતાવરણ રચાવા લાગ્યું.

ગુજરાતી ભાષાને ઘડવામાં આ સામયિકોનો ફાળો અનન્ય લેખી શકાય. નર્મદના સમયથી શરૂ થઈ આનંદશંકર ધ્રુવના સમયગાળા પર્યંત ભાષા બળકટ શૈલી, શિષ્ટતા અને પ્રવાહિતા દાખવતી થઈ. કઢંગી ભાષામાં થતા અનુવાદો સામે, અશિષ્ટ ગુજરાતી ભાષા સામે ભાષાનું પ્રાણવાન સ્વરૂપ મૂકીને ભાષાગત માળખા તરફ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી અભ્યાસ થવા લાગ્યો. વ્યાકરણ, શબ્દચર્ચાઓ, વ્યુત્પત્તિઓ અને જોડણી વિષયક ચર્ચાઓ લગભગ તમામ સામયિકોમાંથી પ્રાપ્ત થાય છે. ગોવર્ધનરામ તો નરસિંહરાવ સામે જોડણી બાબતે 'સમાલોચક' માં ઉગ્ર વિવાદ આરંભે છે.

'સુદર્શન', 'જ્ઞાનસુધા', 'સમાલોચક' અને 'વસંત' જેવા સામયિકો કોઈને કોઈ કારણોસર અનિયમિત રહ્યાં છે. દર મહિને, નિયત તારીખે એ ભાગ્યે જ પ્રકટ થયા છે. કોઈકોઈવાર બે માસના કે ત્રણ માસના અંકો એક સાથે પ્રકાશિત કરવા પડયા છે. 'જ્ઞાનસુધા'નાં તો એક વર્ષના સળંગ અંકો બે-ત્રણ વર્ષના ગાળાબાદ પ્રસિધ્ધ થયાના હેવાલ સાંપડે છે ! 'વસંત' પણ માસિક માંથી ત્રૈમાસિક થવાનું સ્વીકારે છે. પરંતુ એમાં તંત્રની આર્થિક હાલત, તંત્રીની બેદરકાર નીતિ નહી પણ મુખ્યતયા એ તંત્રીઓની અનેકવિધ પ્રવૃત્તિઓ કારણભૂત હતી એમ માનવામાં પ્રમાણો મળી આવે છે.

અંગ્રેજી કેળવણીથી પ્રાપ્ત થયેલું શિક્ષણ અને માહિતીઓ, ધર્મ અને તત્વજ્ઞાન પર્યેષણના

આ સમયમાં સામયિકોએ પત્રકારત્વની શાળા જ જાણે કે નિર્માણ કરી હતી. ઈચ્છારામ દેસાઈ, રમણભાઈ, મણિલાલ, આનંદશંકર જેવા સર્જકોને એક કરતા વધુ સામયિકોમાં પોતાની સેવા આપવાની તક ઊભી થઈ. કોઈને કોઈ રીતે પ્રજાજીવનના આ સમૂહ માધ્યમ સાથે સર્જકોનો નાતો જીવંત રહયો હતો. જે - તે વિભાગોની સંભાળ લેવાની જવાબદારીરૂપે એમના હાથે વિપુલ સામગ્રી સર્જાતી રહેલી જે ગુજરાતી સાહિત્યને ઘડવામાં અનેક રીતે ઉપયોગી થઈ પડી એ સાથે તંત્રીઓને સવ્યસાચી બનવાની ફરજ પડી. આના ફળસ્વરૂપે રમણભાઈ, આનંદશંકર કે મણિલાલ પાસેથી વિવિધ સાહિત્ય સ્વરુપો અને પ્રકીર્ણ લેખોની ભેટ પ્રાપ્ત થઈ. નિબંધના ગદ્યને ઘડવામાં આ સામયિકોનો ફાળો નાનો સૂનો નથી. અન્ય સાહિત્ય સ્વરુપો હજુ પ્રાથમિક સ્વરૂપમાં જ દેખા દઈ રહયા હતા ત્યારે ગદ્યની વિધવિધ તરાહો ઉપજાવનારા આ સમયગાળાના મોટાભાગના સર્જકો-તંત્રીઓ આપણી ગુજરાતી ભાષાના ગણનાપાત્ર નિબંધકારો તરીકે પ્રતિષ્ઠિત થયા છે. પોતાના વિચારને નિબંધ સ્વરૂપે અભિવ્યક્ત કરવામાં આ સામયિકો જ એમનું મંચ (સ્ટેજ) બની રહયાં હતા. આમ, પ્રારંભિક ગાળાનું આ 'પ્રસ્થાન' આજના સામયિકોને માટે પણ આદર્શરૂપ રહયું છે. જો આપણા સુધારકો, સાક્ષરો પાસે 'સામયિક નું માધ્યમ ન હોત તો લાગે છે કે ગુજરાત કે ભારતની સાંસ્કૃતિક વિચારણા, વિકાસનું ક્ષેત્ર આપણાથી અજ્ઞાત બની રહેત. એનાથી વધુ આપણું ગુજરાતી સાહિત્ય કેટલુ શુષ્ક અને પાંગળુ હોત ! સમયના સંદર્ભે સુધારા અને સંરક્ષકવૃત્તિને અગ્રિમ સ્થાન અપાયુ હોવા છતા એના વિચક્ષણ તંત્રીઓએ જ્ઞાન-વિજ્ઞાનની શાખાઓને જે રીતે એમના સામયિકોમાં પ્રયોજી છે એ જોતા તો લાગે છે કે પ્રજાજીવનને ઉર્ધ્વગામી કરવાની એ તંત્રીઓમાં કેટલી ઉત્કટ તમન્ના હશે ? નૂતન યુગના સંદેશાઓ વધુ વ્યાપક બનાવવામાં માર્ગને એ રીતે એમણે ચીંધી આપ્યો અને ભારતીય સંસ્કૃતિ, માનવજીવન સંઘર્ષ, સમાજ જીવન, કલાજીવનને સંસ્કારવા નવા સામયિકો મેદાને પડયા.

--x--

o સંદર્ભ :

1 યશવંત શુકલ, ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ (પરિષદ) ભાગ : ૩, પૃ.૧૧

૨ એજ, પૃ.૨૭ ૩ કૃષ્ણવીર દીક્ષિતની અપ્રકટ નોંધ ૪ નર્મગદ્ય – નર્મદ, પૃ.૩૭૪ ૫ જુઓ : લીલાંસૂકાં પાન – વિં.ક. વૈદ્ય પૃ.૧૩, ૧૪ ૬ એજ, પૃ. ૧૨ ૭ એજ, પૃ. ૮૩ ૮ એજ, પૃ. ૧૪ ૯ એજ, પૃ. ૧૮ ૧૦ ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ – રતન રુસ્તમ માર્શલ, પૃ. ૧૭૫ ૧૧ જુઓ : લીલાંસૂકાં પાન – વિ. ક. વૈદ્ય, પૃ. ૯૬ ૧૨ નટુભાઈ રાજપરા, ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ (પરિષદ) ભાગ : ૪, પૃ. ૧૬૭ ૧૩ ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ રતન રુસ્તમ માર્શલ, પૃ. ૧૨૧ ૧૪ જુઓ : જયંત પાઠક, ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ (પરિષદ) ભાગ : ૩, પૃ. ૧૧૩ ૧૫ એજ, પૃ. ૧૦૬ ૧૬ જુઓ : ભ્રવલ ગ્રંથાવલિ – સંપા. નરહરિ પરીખ, પૃ. ૨૧ ૧૭ અખબારનું અવલોકન – યાસીન દલાલ, પૃ. ૫૬ ૧૮ સ્મૃતિ સંવેદન – ચંપકશી ઉદ્દેશી, પૃ. ૧૭૧ ૧૯ મ. ન. દ્વિવેદીનું આત્મવૃત્તાંત સંપા. ધીરુભાઈ ઠાકર, પૃ. ૭૩ ૨૦ ધીરુભાઈ ઠાકર, ગુજરાતી સાહિત્ય પરિષદનો ઈતિહાસ (પરિષદ) ભાગ : ૩, પૃ. ૩૩૭ ૨૧. અખબારનું અવલોકન – યાસીન દલાલ, પૃ. ૮૬ ૨૨ અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન – હીરાલાલ પારેખ, પૃ. ૪૩૨ થી ૩૫ ૨૩ બિપિન ઝવેરી – ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ (પરિષદ) ભાગ : ૩, પૃ. ૪૪૮ ૨૪ જ્ઞાનસુધા : સ્વાધ્યાય અને સૂચિ – ધીરુભાઈ ઠાકર, પૃ. ૧૨ ૨૫ એજ, ૧૧ ૨૬ સમાલોચક : સ્વાધ્યાય અને સૂચિ – ધીરુભાઈ ઠાકર, પૃ. ૧૦ ૨૭ એજ, પૃ. ૨૮ ૨૮ કૃષ્ણવીર દીક્ષિતની અપ્રકટ નોંધ ૨૯ જુઓ : 'પ્રસ્થાન', અંક : ૧, વૈશાખ, ૧૯૪૨ ૩૦ 'કૌમુદી' – વિ. ક. વૈદ્ય, પોષ, ૧૯૨૫ ૩૧ હસિત બૂચ, ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ (પરિષદ) ભાગ : ૩ પૃ. ૪૫૦ ૩૨ 'સાહિત્ય', અંક : ૩, ૧૯૩૨.

—o—